કઈ રીતે કરશો સંજોગ ન્યૂઝની એપ્લીકેશન ડાઉનલોડ ?
સૌ પ્રથમ GET IT ON Google Play માં જઈને
SANJOG NEWS સર્ચ કરવુ
ત્યારબાદ INSTALL નું બટન દબાવવું
અથવા www.sanjognews.net સર્ચ કરો
ગણતરીની સેકન્ડોમાં સંજોગ ન્યૂઝની એપ્લીકેશન તમારા મોબાઈલમાં ડાઉનલોડ થઈ જશે


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 216 | AD-2022, Vaishakh Sud-9, Tuesday, Dt. 10-05-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## એનઆઇએ છોટા શકીલ, જાવેદ ચીકના, ટાઇગર મેમન સહિતનાઓ સામે પણ તપાસ કરશે

# દાઉદની ડી કંપની પર એનઆઈએના દરોડા

(એ.આર.એલ),મુંબઇ,તા.૯

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) એ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની ડી-કંપની વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. એનઆઈએએ આજે મુંબઈમાં ૨૦ સ્થળો પર દરોડા પાડ્યા છે. આ ૨૦ સ્થળો દાઉદના શાર્પ શૂટર્સ, દાણચોરો સાથે સંબંધિત છે. આ સિવાય ઘણા હવાલા ઓપરેટરો પર પણ દરોડા પાડવામાં આવ્યા છે.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની ડી-કંપની વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. એનઆઈએએ આજે મુંબઈમાં ૨૦ સ્થળો પર દરોડા પાડ્યા છે. આ ૨૦ સ્થળો દાઉદના શાર્પ શૂટર્સ, દાણચોરો સાથે સંબંધિત છે. આ સિવાય



ઘણા હવાલા ઓપરેટરો પર પણ દરોડા પાડવામાં આવ્યા છે.

જાણકારી અનુસાર એનઆઈએએ બોરીવલી, સાંતાક્રુઝ, બાંદ્રા, નાગપાડા, ગોરેગાંવ, પરેલના ૨૦ સ્થળો પર દરોડા પાડ્યા છે. જાણકારી અનુસાર, ગૃહ મંત્રાલયના આદેશ પર એનઆઈએએ દાઉદ ઈબ્રાહિમ, ડી કંપની વિરુદ્ધ કેસ નોંધ્યો હતો, જેના આધારે આ તપાસ ચાલી રહી છે. તે દાઉદ અને તેની ગેંગના સભ્યો વિરુદ્ધ નોંધાયેલી એફઆઈઆર પર આધારિત છે. એ જ એફઆઈઆર, જ્યાં ઈડીએ તપાસ શરૂ કરી અને નવાબ મલિકનું કનેક્શન મળી આવ્યું.

ડી કંપની સંયુક્ત રાષ્ટ્ર (યુએન) દ્વારા પ્રતિબંધિત આતંકવાદી સંગઠન છે. તે જ સમયે, ૧૯૯૩ના મુંબઈ વિસ્ફોટના આરોપી દાઉદને ૨૦૦૩માં યુએન દ્વારા વૈશ્વિક આતંકવાદી ગણવામાં આવ્યો હતો. તેના પર $૨૫ મિલિયનનું ઈનામ પણ રાખવામાં આવ્યું હતું.

દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયેલા કેસની તપાસ ફેબ્રુઆરી ૨૦૨૨માં ગૃહ મંત્રાલય દ્વારા એનઆઈએને સોંપવામાં આવી હતી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી દેશની સૌથી મોટી આતંકી તપાસ એજન્સી છે. અગાઉ, ઈડી દાઉદ સાથે સંબંધિત કેસોની તપાસ કરી રહી હતી.

ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ડી કંપની અને દાઉદ ઈબ્રાહિમ ટેરર ફંડિંગ, નાર્કો ટેરર, ડ્રગ્સ સ્મગલિંગ અને ફેક કરન્સી (એફઆઈસીએન)નો વેપાર કરીને ભારતમાં આતંક ફેલાવવાનું કામ કરી રહ્યા છે. એટલું જ નહીં, દાઉદ ઈબ્રાહિમ અને તેની ડી કંપની લશ્કર-એ-તૈયબા,જૈશ-એ-મોહમ્મદ અને અલ કાયદા દ્વારા ભારતમાં આતંકવાદી ગતિવિધિઓ કરી રહી છે.

એનઆઈએ માત્ર દાઉદ ઈબ્રાહિમ અને તેની ડી કંપનીની આતંકવાદી ગતિવિધિઓની જ નહીં પરંતુ અંડરવર્લ્ડ ડોનનાં ધંધા, છોટા શકીલ, જાવેદ ચિકના, ટાઈગર મેનન, ઈકબાલ મિર્ચી (મૃતક), દાઉદની બહેન હસીના પારકર (મૃતક) સાથે સંબંધિત આતંકવાદી પ્રવૃત્તિઓની પણ તપાસ કરશે. હાલમાં, દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાનમાં છુપાયેલો છે અને કરાચીના પોશ વિસ્તારમાં પોતાનું ઠેકાણું બદલતો રહે છે.




























સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૧૦-૦૫-૨૦૨૨

### ડુંગળીના સારા ભાવ ન મળતા ખેતરમાં પશુઓને ચરવા મૂકી દીધા

# અમરેલી જિલ્લામાં ડુંગળીએ ખેડૂતોને રાતા પાણીએ રડાવ્યા

**માત્ર એક રૂપિયે કિલો ડુંગળી વેચાતા ખેડૂતોની હાલત કફોડી**

અમરેલી,તા.૯

અમરેલી જિલ્લામાં આ વર્ષે ખેડૂતોએ ડુંગળીનું વધારે પ્રમાણમાં વાવેતર કર્યુ છે. ગત વર્ષે ખેડૂતોએ ૧૨૭૦ હેકટરમાં વાવેતર કર્યુ હતું જેમાં આ વર્ષે વધારે ૫૩૪ હેકટરમાં વાવેતર કરી ૧૮૦૪ હેકટરમાં વાવેતર કરવામાં આવ્યુ છે. ખેડૂતો આ વર્ષે ડુંગળીના સારા ભાવ મળશે તેવી આશા સેવતા હતા પરંતુ ધીમે-ધીમે ડુંગળીના ભાવમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. જેમાં ખાસ કરીને વડિયા-કુંકાવાવ પંથકના ખેડૂતોએ ડુંગળીનો પાક તૈયાર થતા રોવાનો વારો આવ્યો છે. પહેલા રૂ.૭૦૦ના મણે ડુંગળી વેચાતી હતી પરંતુ અચાનક ડુંગળીના



ભાવ તળીયે બેસી જતા હાલમાં રૂા.૨૦ના મણના ભાવે ડુંગળીનું વેચાણ થતા ડુંગળીના પાકને માર્કેટીંગ યાર્ડ સુધી પહોંચાડવો પણ હવે મોંઘો પડે છે. ડુંગળીનું વાવેતર કરવામાં આવે તો એક મણ ડુંગળીના વાવેતર પાછળ અંદાજે રૂા.૨૦૦ જેટલો ખર્ચ આવે છે તેથી આ ડુંગળી હવે કયા ભાવમાં વેચવી તે સવાલ ખેડૂતોને ઉદભવી રહ્યો છે. અમુક ખેડૂતોએ તો ડુંગળીનો પાક લેવાને બદલે ડુંગળીના વાવેતરમાં પશુઓને ચરવા માટે છુટ્ટા મૂકી દીધા છે. આ અંગે ખેડૂતોએ જણાવ્યું હતું કે, સારા ભાવની આશાએ ડુંગળીનો સ્ટોક પણ રાખી શકાય તેમ નથી કારણ કે સ્ટોક રાખવા માટે ગોડાઉનની વ્યવસ્થા હોતી નથી તેથી થોડા સમયમાં ડુંગળી બગડી જવાની પણ શક્યતા હોવાથી ડુંગળીને ગમે તે ભાવે વેચવી પડે છે. હાલ ડુંગળીના ભાવ જોતા ડુંગળીએ ખેડૂતોને રાતા પાણીએ રડાવ્યા છે.

# અમરેલી વિદ્યાસભા સંકુલ ખાતે રાષ્ટ્રીય આરએસએસના પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ

અમરેલી,તા.૯

અમરેલી વિદ્યાસભા સંકુલ ખાતે આરએસએસનો પ્રશિક્ષણ વર્ગ(દ્વિતીય વર્ષ)નો પ્રારંભ થયો હતો. સૌરાષ્ટ્ર પ્રાંત અને ગુજરાત પ્રાંતના કુલ ૨૧૪ શિક્ષાર્થીઓ પૂર્ણ સમય માટે ઉપસ્થિત રહીને પ્રશિક્ષણ મેળવશે. પ્રશિક્ષણ વર્ગના મહેમાન તરીકે



વિદ્યાસભા સંકુલના પ્રમુખ વસંતભાઈ ગજેરા હાજર રહ્યાં હતા. વસંતભાઈ ગજેરાએ સ્વયંસેવકોને હંમેશા સહકાર આપવાની તત્પરતા દર્શાવી હતી. વર્ગના વાલી એવા યશવંતભાઈ ચૌધરીએ સાચા સ્વયંસેવકના ગુણ વર્ગમાં કઈ રીતે મેળવવા તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. વર્ગની પૂર્ણાહુતિ આગામી તા. ૨૯ના રોજ થશે.

# મોટા માંડવડા ગામ નજીક કાર પલટી મારી જતા ચારને ઈજા

અમરેલી,તા.૯

અમરેલી તાલુકાના મોટા માંડવડા ગામ નજીક આજરોજ વહેલી સવારે એક સ્વીફટ કાર પલટી મારી જતા અંદર બેઠેલા ચારને નાની-મોટી ઈજા થઈ હતી. બગસરા તરફથી આવતી સ્વીફટ કાર મોટા માંડવડા પાસે પહોંચતા જ અચાનક કારચાલકે



સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર પલટી મારી ગઈ હતી જેથી અંદર બેઠેલા ચારને નાની-મોટી ઈજા થતા તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર અર્થે અમરેલી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ રસ્તા પરના વાહનો થંભી ગયા હતા અને કારની અંદર બેઠેલાઓને તાત્કાલિક બહાર કાઢી ૧૦૮ને જાણ કરી હતી.

# દામનગરમાં રખડતા અબોલ પશુઓ માટે પાણીની વ્યવસ્થા કરવી જરૂરી

અમરેલી,તા.૯

દામનગરમાં ખુલ્લામાં રખડતા અબોલ પશુઓ માટે પાણી અને ઘાસચારાની વ્યવસ્થા કરવી ખુબ જ જરૂરી બની છે. આ કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે માનવી સાથે પશુ-પંખીઓ પણ પાણી માટે વલખા મારી રહ્યાં છે. દામનગરમાં અનેક વિસ્તારોમાં અબોલ



પશુઓ રખડી રહ્યા છે ત્યારે આવા પશુઓ માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવું જીવદયાપ્રેમીઓ ઈચ્છી રહ્યાં છે.

# લાલાવદર પ્રાથમિક શાળામાં વાલીઓનો સેમિનાર યોજાયો



અમરેલી,તા.૯

અમરેલીના લાલાવદર પ્રા.શાળા ખાતે બાળકોનું સાચી દિશામાં ઘડતર થાય તે માટે વાલીઓનો સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં સીઆરસી કો.ઓર્ડિનેટરે માર્ગદર્શન આપ્યુ હતું. આચાર્ય રાજેશભાઈ પટેલે આભાર વ્યકત કર્યો હતો.

# બાબરાના નાનીકુંડળ ગામે ભાજપ આગેવાનોની ટિફિન બેઠક યોજાઈ

બાબરા,તા.૯

બાબરા તાલુકાના નાનીકુંડળ ગામે તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયાના અધ્યક્ષસ્થાને ટિફિન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારોના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી અને આ પ્રશ્નોનો ઉકેલ લાવવા રજૂઆત કરાઈ હતી. બેઠકમાં




નીતિનભાઈ રાઠોડ, ભરતભાઈ બુટાણી, વલ્લભભાઈ ખાખરીયા, વિપુલભાઈ કાચેલા સહિત ભાજપ આગેવાનો જોડાયા હતા.

# જુની માંડરડી ગામે માતાજીના માંડવામાં અગ્રણીઓની હાજરી




રાજુલા,તા.૯

રાજુલાના જુની માંડરડી ગામે ગોહિલ પરિવાર દ્વારા માતાજીનો માંડવો યોજાયો હતો. આ ધાર્મિક પ્રસંગે પૂર્વ સંસદીય સચિવ હીરાભાઈ સોલંકીએ હાજરી આપી માતાજીના દર્શનનો લાભ લીધો હતો. આ પ્રસંગે ગામ અગ્રણીઓ પણ જોડાયા હતા.

# લાઠીના મતિરાળા ગામના વીર સપૂતોનો સન્માન સમારોહ

**કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા સહિત આગેવાનોની ઉપસ્થિતિ**


અમરેલી,તા.૯

લાઠી તાલુકાના મતિરાળા ગામે વીર સપૂતોનો સન્માન



સમારોહ યોજાયો હતો. ભારત માતાની સેવા માટે ભારતીય સેનામાં સેવા આપનારનો સન્માન સમારોહ કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા, કૌશિકભાઈ વેકરીયા, અશ્વિનભાઈ સાવલીયા, જનકભાઈ તળાવીયા, જીતુભાઈ ડેર, હિંમતભાઈ દેત્રોજા સહિતનાઓની હાજરીમાં યોજાયો હતો.

# રાજુલામાં ડે-નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનો ભવ્ય પ્રારંભ



રાજુલા,તા.૯

રાજુલામાં ૯૮ વિધાનસભા તેમજ ફ્રેન્ડઝ ગૃપ દ્વારા રાત્રિપ્રકાશ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ટૂર્નામેન્ટમાં ફકત રાજુલા-જાફરાબાદ અને ખાંભા પંથકના યુવાનો જ રમી શકશે. આ ટૂર્નામેન્ટ છતડીયા હેલિપેડ મેદાન ખાતે રમાઈ રહી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

|| શ્રી વલ્લભ ||


જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300


ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેંન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::
નવજાત શીશુ તથા સઘન
બાળરોગ નિષ્ણાંત
કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ
પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

## લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ-અમરેલી દ્વારા

# ભવ્યાતિભવ્ય ૧ ૩મો સમૂહલગ્નોત્સવ યોજાયો



અમરેલી, તા.૯

અમરેલી ખાતે તા.૮ ને રવિવાર રોજ શ્રી લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-અમરેલી આયોજિત ૧૩મો સમૂહલગ્નોત્સવ લીલીયા રોડ, કૃષિકેન્દ્ર ખાતે યોજાયો હતો. શનિવારે રાત્રે રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતુ. રવિવારે સવારે મંડપ મુહૂર્તમાં સમાજના યુગલોએ ગણપતિ પૂજન કરીને માણેકસ્તંભ રોપ્યા હતા. સાંજે ૫-૩૦ કલાકે જાન આગમન થયુ હતુ અને ૧૪ મંડપમાં શાસ્ત્રોક્ત વિધિથી મંત્રોચ્ચાર સાથે લગ્નવિધિ શરૂ થઈ હતી. વરપક્ષ અને કન્યાપક્ષના મહેમાનો તેમજ સમારંભમાં પધારેલ તમામ આમંત્રિત મહેમાનોને માથે સાફા બાંધીને વાજતે ગાજતે પુષ્પવૃષ્ટિ સાથે સમાજ દ્વારા સ્વાગત કરીને આવકાર્યા હતા.

કાર્યક્રમની શરૂઆત મા ખોડલની આરતીથી કરવામાં આવી હતી. ટ્રસ્ટના પ્રમુખ કાંતિભાઈ વઘાસિયાએ તમામ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યુ હતુ. આ સમૂહલગ્નોત્સવ વસંતભાઈ ગજેરાના અધ્યક્ષસ્થાને યોજાતા મહેમાનો તેમજ સંતો-મહંતોના હસ્તે દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ લગ્નોત્સવના મુખ્ય દાતા વિશાલભાઈ વેકરીયા-નિલંકઠ ગૃપ અમદાવાદ, પરેશભાઈ ગજેરા-ઉપપ્રમુખ સરદાર ધામ, રતિભાઈ રૈયાભાઈ ગજેરા-અમદાવાદ(દાતાશ્રી), તેમજ દાતાઓ કાળુભાઈ ભંડેરી, દિનેશભાઈ ભુવા, વશરામભાઈ વઘાસિયા, છગનભાઈ વઘાસિયા વગેરેનું તેમજ સંતો પ.પૂ. શાસ્ત્રી વલ્લભદાસ સ્વામી-ગઢડા, પ.પૂ.ભક્તિરામબાપુ (ભોજલધામ-ફતેપુર), પૂ.પૂ. કાકા સાહેબ-સાજીસવાઈ મંદિર-અમરેલી આ તમામનું ટ્રસ્ટના પ્રમુખ કાંતિભાઈ વઘાસિયા અને મેનેજીંગ ટ્રસ્ટી ડી.કે.રૈયાણીના નેતૃત્વમાં કમિટિ દ્વારા સ્વાગત-સન્માન કરવામાં આવ્યુ હતુ.

સમારોહમાં રેખાબેન જલ્પેશભાઈ મોવલિયા-પ્રમુખ જિલ્લા પંચાયત, ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી, વિરજીભાઈ ઠુંમર, પ્રતાપભાઈ દુધાત, મનિષાબેન રામાણી-ન.પા.પ્રમુખ, પ્રજ્ઞાબેન સાવલિયા, તા.પં.પ્રમુખ, પૂર્વ મંત્રી વી.વી. વઘાસિયા, બાવકુભાઈ ઉંધાડ, જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિકભાઈ વેકરીયા, જિ.કોંગ્રેસ પ્રમુખ ડી.કે.રૈયાણી, અશ્વિનભાઈ સાવલિયા, કાળુભાઈ વિરાણી, હિરેનભાઈ હિરપરા, જયંતિભાઈ પાનસુરિયા, વિપુલભાઈ દુધાત, શરદભાઈ લાખાણી, મનિષભાઈ ભંડેરી, રાજેશભાઈ કાબરીયા, જગદીશભાઈ તળાવીયા વગેરે રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને સાંસદ નારણભાઈ કાછડીયાએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતા. સમાજ અગ્રણી ઉદ્યોગપતિઓમાં પ્રતાપભાઈ વસાણી, પ્રેમજીભાઈ ડોબરીયા, ભુપતભાઈ ભુવા, મનુભાઈ દેસાઈ, એ.બી.કોઠીયા, બાબુભાઈ ચોવટીયા, લાલજીભાઈ દેસાઈ, કાળુભાઈ ધામી, બી.એલ.રાજપરા, સંજયભાઈ શીંગાળા, કાંતિભાઈ ઝાલાવડીયા, ઘનશ્યામભાઈ ઠુંમર, રમેશભાઈ કાથરોટીયા, કરશનભાઈ ડોબરીયા, દેવચંદભાઈ કપોપરા, શરદભાઈ ધાનાણી, જે.પી.સોજીત્રા, લલિતભાઈ ઠુંમર, કાળુભાઈ કાછડીયા, દયાળભાઈ સંઘાણી, પી.પી.કાબરીયા, અનિલભાઈ વેકરીયા, ગોરધનભાઈ ગેડીયા, પ્રવિણભાઈ કસવાળા, પિન્ટુભાઈ ધાનાણી, બી.એમ.ચોવટીયા, ભરતભાઈ હપાણી, હરેશભાઈ ધડુક, મુકુંદભાઈ સેંજલીયા, ગોરધનભાઈ માંદલીયા, સુરેશભાઈ દેસાઈ, મીનીશેઠ, પ્રવીણભાઈ ગજેરા, મુળજીભાઈ પાનેલિયા, દુલાભાઈ દેસાઈ, વલ્લભભાઈ રામાણી, હિંમતભાઈ ધાનાણી, ભુપતભાઈ સાવલીયા, ભરતભાઈ પાનસુરીયા, નિલેષભાઈ દેસાઈ, બાબુભાઈ બાબરીયા, ઘનશ્યામભાઈ રૈયાણી, મુકેશભાઈ કોરાટ, અશોકભાઈ જોગાણી, ઉમેશભાઈ ડોબરીયા, નિલેશભાઈ ઠુંમર, નિલેશભાઈ મુલાણી, હાર્દિકભાઈ સેંજલીયા, સંજયભાઈ માલવીયા, સંજયભાઈ રામાણી, દિવ્યેશભાઈ વેકરીયા, મનસુખભાઈ ધાનાણી, ચંદુભાઈ રામાણી, જલ્પેશભાઈ મોવલિયા, જયસુખભાઈ, હરીભાઈ વાવીયા, જયસુખભાઈ સોરઠીયા, રાજુભાઈ ફીણવીયા, દિપકભાઈ ધાનાણી, ખોડલધામ ટીચર ટીમ, ખોડલધામ મહિલા સમિતિ તેમજ વિવિધ સમિતિના વ્યવસ્થાપક ભાઈઓ અને યુવાનોએ ઉપસ્થિત રહી યોગદાન આપેલ હતુ.

દિકરી દત્તકના દાતાઓ હિરેનભાઈ દિનેશભાઈ બાંભરોલીયા, મનુભાઈ દેસાઈ, લાલજીભાઈ દેસાઈ, ગુલાબભાઈ દુધાત, ચંદુભાઈ વોરા, ભરતભાઈ કોઠીયા, નાથાભાઈ ભંડેરી, કેયુર ડી. રૈયાણી, ગોવિંદભાઈ ડોબરીયા, વિનુભાઈ ડોબરીયા, પરષોત્તમભાઈ રૂડાણી, નરેશભાઈ સાકરીયા, રમેશભાઈ લીંબાસીયા, નરશીભાઈ ચોવટીયા, ઘુસાભાઈ કીકાણી, ભરતભાઈ બાવીશી(બાવીશી બ્રધર્સ), હરેશભાઈ ધડુક, ચિરાગભાઈ ગજેરા, કાળુભાઈ ધામી રહ્યા હતા. તેમજ રોકડ રકમના દાતાઓ કમેલશભાઈ સરધારા, પ્રતાપભાઈ વસાણી, રમેશભાઈ નારીયા, જયસુખભાઈ મોણપરા, અરજણભાઈ શીંગાળા, જયસુખભાઈ દેવાણી, ગોરધનભાઈ માંદલિયા, ડો.ધડુક સાહેબ, નિલેષભાઈ સાકરીયા, ડો.ગોયાણી સાહેબ, દિનેશભાઈ અવધ ડેરી, ઉકાભાઈ ભવાનભાઈ ઠુંમર, દીલાભાઈ ભાલાળા, કાળુભાઈ રૈયાણી, વિપુલભાઈ કોટડીયા, રીધેશભાઈ નાકરાણી, ચુનીભાઈ સુહાગીયા, સંદિપભાઈ માંગરોળીયા, ઉમેશભાઈ દુધાત, મધુભાઈ દેસાઈ, અતુલભાઈ ટીંબડીયા, મનુભાઈ ભલાણી, વર્ષીલભાઈ સાવલિયા, ડી.કે. ગજેરા વગેરેનું યોગદાન બદલ સન્માન કરાયુ હતુ.

કરીયાવરની વસ્તુના દાતાઓ ભુપતભાઈ ધાનાણી, પ્રવિણાબેન ભીખુભાઈ કાબરીયા, મુકેશભાઈ મકાણી, યોગેશભાઈ જોધાણી, જિજ્ઞેશભાઈ ક્યાડા, સુરેશભાઈ દેસાઈ, વિઠલભાઈ બાંભરોલિયા, નિલેષભાઈ દેસાઈ, વિપુલભાઈ દુધાત, મુકેશભાઈ સંઘાણી, કૌશલભાઈ ભીમાણી, અનિલભાઈ ભંડેરી, ઘનશ્યામભાઈ ભંડેરી, સંદિપભાઈ તારપરા, સુરેશભાઈ પાનસુરીયા, ખોડલધામ મહિલા સમિતિ, પ્રફુલભાઈ અકબરી, વિજયભાઈ બાવીશી વગેરેનું યોગદાન બદલ સન્માન કરાયુ હતુ.

વિવિધ સેવા સહયોગી દાતાઓ પી.પી. સોજીત્રા, આશીર્વાદ ફૂલ ભંડાર દિનેશભાઈ જોગાણી, જલધારા મીનરલ-હરેશભાઈ, શ્યામ કેટરર્સ-જયેન્દ્રભાઈ શીંગાળા, રાધે મંડપ-સંજયભાઈ પોકળ, ફોટોગ્રાફી સેવા-રાજુભાઈ ઝાલાવડીયા-વિવાહ સ્ટુડીયો અને મુકેશભાઈ લીંબાસીયા-સાધના સ્ટુડીઓ વગેરેને બિરદાવવામાં આવ્યા હતા.

અંતમાં ૧૪ દંપતીઓને સ્ટેજ પર આશીર્વાદપત્ર અર્પણ કરીને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર આયોજન શ્રી લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલીના પ્રમુખ કાંતિભાઈ વઘાસીયા, ઉપપ્રમુખ કાળુભાઈ ભંડેરી, ઉપપ્રમુખ કાળુભાઈ સુહાગીયા, ચતુરભાઈ ખુંટ, હસમુખભાઈ પટેલ,રાજુભાઈ માંગરોળીયા અને દિનેશભાઈ બાંભરોલીયા તેમજ ડી.કે રૈયાણી(મે.ટ્રસ્ટી) મંત્રી ભરત બાવીશી, સહમંત્રીઓ નીમેષભાઈ બાંભરોલીયા,જગદીશભાઈ તળાવિયા, પકંજભાઈ ધાનાણી, જતીનભાઈ સુખડીયા, હરેશભાઈ બાવીશી, ખજાનચી ભીખાભાઈ કાબરીયા તેમજ સહખજાનચી ભરતભાઈ સાવલિયા, ગોપાલભાઈ કચ્છી, કૌશલભાઈ ભીમાણી, રમેશભાઈ બાબરીયા, ઘનશ્યામભાઈ સોરઠીયા, તેમજ સમગ્ર સલાહાકાર સમિતિના સભ્યો સહિત સૌના સફળ આયોજન, સહયોગ અને માર્ગદર્શનથી સમૂહલગ્નોત્સવનું સફળ આયોજન સંપન્ન થયુ. કન્યાઓને સરકારની સાતફેરા સમૂહલગ્ન અને કુવરબાઈનું મામેરૂ યોજનાનાં લાભ સહીત મેરેજ સર્ટીફીકેટ કાઢી આપવાની તમામ વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યોક્રમનું સંચાલન પ્રો. હરેશ બાવીશીએ કર્યુ હતુ.

# રાજુલામાં મહુવા જકાતનાકા પાસે રેલવે ફાટકને અંડરગ્રાઉન્ડ કરવા રજૂઆત

રાજુલા, તા. ૯



રાજુલામાં મહુવા જકાતનાકા પાસે આવેલ રેલવે ફાટકને અંડરગ્રાઉન્ડ ફાટક કરવા પૂર્વ સંસદીય સચિવ હીરાભાઈ સોલંકી દ્વારા રેલતંત્રને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. આ ફાટક ઉપરથી દરરોજ પીપાવાવ પોર્ટ તરફથી ૧૫ થી ૨૦ જેટલી માલવાહક ટ્રેનો પસાર થતી હોવાથી રેલવે ફાટક કલાકોના કલાકો બંધ કરવું પડે છે. ફાટક ઉપરથી ટ્રેન પસાર થતી હોય ત્યારે ૧૦૮ને પણ ગમે તેવી ગંભીર સ્થિતિમાં અટકી જવું પડે છે, જેમાં દર્દીનો જીવ જોખમમાં મુકાય છે. ટ્રેન આવવાની હોય તે પહેલા જ ૭ મિનિટ પહેલા ફાટક બંધ કરી દેવામાં આવે છે. દરમિયાનમાં વિદ્યાર્થીઓને પણ અહીંથી પસાર થતી વખતે ફાટક બંધ હોવાના કારણે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

શહેરીજનો દ્વારા આ પ્રશ્ને હીરાભાઈ સોલંકીને રજૂઆત કરવામાં આવતા તેમના દ્વારા રેલવે તંત્રના અધિકારીઓ, રેલવે મંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ પત્રો પાઠવી મહુવા નાકા પાસે આવેલ રેલવે ફાટકને અંડરગ્રાઉન્ડ કરવા માંગણી કરવામાં આવી છે. આ ફાટક અંડરગ્રાઉન્ડ કરવામાં આવે તો લોકોને અને ખાસ કરીને એમ્બ્યુલન્સો, વિદ્યાર્થીઓને થતી મુશ્કેલીનો અંત આવશે તેમ હીરાભાઈ સોલંકીએ કરેલ રજૂઆતમાં જણાવ્યું હતું.

# અમરેલી જિલ્લામાં ૧૦૮ દ્વારા ૬૦૮૫ સગર્ભા માતાઓની સફળ પ્રસૂતિ

અમરેલી, તા. ૯




અમરેલી જિલ્લામાં ૧૦૮ ટીમની કામગીરી કાબીલે દાદ છે અને ખાસ કરીને ગંભીર પ્રકારના અકસ્માત, સગર્ભા સ્ત્રીઓને હોસ્પિટલ સુધી પહોંચાડી જીવ બચાવવાની કામગીરીમાં ૧૦૮ની કામગીરી પ્રશંસનીય છે. જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં ૬૦૮૫ સગર્ભાઓને સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે. જ્યારે ૧,૯૫,૬૯૭થી વધારે સગર્ભા સ્ત્રીઓને ૧૦૮ દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્રથી લઈને સિવિલ હોસ્પિટલ સુધી પહોંચાડવાની સુંદર કામગીરી કરવામાં આવી છે. ગઈકાલે દેશમાં ઉજવાયેલ માતૃત્વ દિવસ પર જિલ્લા ૧૦૮ દ્વારા આ આંકડા જાહેર કરવામાં આવ્યા હતા.

જિલ્લામાં છેલ્લા ૩ મહિનામાં પ્રસૂતિનો આંકડો જોવામાં આવે તો જાન્યુઆરી માસમાં ૧૭૪૭ પ્રસૂતિ, ફેબ્રુઆરી માસમાં ૨૦૨૩ પ્રસૂતિ અને માર્ચ મહિનામાં ૧૯૫૨ પ્રસૂતિના કેસો ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ થયેલા છે. ત્યારે માતૃત્વ દિવસની ખરી ઉપલબ્ધિ તો ૨૪ કલાક ૩૬૫ દિવસ દોડ્યા કરતી ૧૦૮ની વિશેષ કામગીરી ગણી શકાય.

# દામનગરમાં આયોજિત ટુર્નામેન્ટમાં જનક તળાવિયા દ્વારા ટ્રોફી એનાયત

દામનગર, તા. ૯



દામનગર ફ્રેન્ડ ગૃપ દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં મુખ્ય સ્પોન્સર તરીકે ભાજપ અગ્રણી જનકભાઈ તળાવિયા દ્વારા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં આજે યુ.એસ. ફેશન ઈલેવન અને દામનગર મહાકાળી ઈલેવન વચ્ચે ફાઈનલ મેચ રમવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે જનકભાઈ તળાવિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ટુર્નામેન્ટમાં યુ.એસ. ફેશન ઈલેવન ટીમે ફાઈનલ મેચમાં મેદાન માર્યું હતું. જનકભાઈ તળાવિયા દ્વારા રનર્સ-અપ ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

# ધારીમાં પતિ-પત્ની વચ્ચે સમાધાન થયાનું સારૂ નહીં લાગતા ધમકી

અમરેલી, તા. ૯

ધારીમાં પતિ-પત્ની વચ્ચે સમાધાન થઈ જતા સારૂં નહી લાગતા ધમકી આપતા ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે શખ્સ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રેમપરામાં રહેતા પ્રતિભાબેન દેવમુરારીએ ધવલ નિમાવત વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, તેમના તથા તેમના પતિ વચ્ચે અણબનાવ હોય, જે બાબતે સમાધાન થઈ જતા આ શખ્સને સારૂ નહીં લાગતા તેણે તેમને ગાળો આપી ઢીકાપાટુનો માર મારી કોઈને કહેશે તો તેમને તથા તેમના પતિ તથા પુત્ર અને મમ્મીને મારી નાખવાની ધમકી આપી હતી. પ્રતિભાબેનની ફરિયાદના આધારે ધારી પોલીસે ધવલ નિમાવત વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. અના. હેડ કોન્સ. વી.વી. ડાભીએ આગળની તપાસ હાથ ધરી છે.

### અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક નાસી છૂટ્યો

# ટીંબી હાઈ-વે પર અજાણ્યા વાહન ચાલકે રીક્ષાને અડફેટે લેતા એકનું મોત

અમરેલી, તા. ૯

રાજુલાના ટીંબી હાઈ-વે સોંદરડીના પાટીયા પાસે રીક્ષાને અજાણ્યા વાહને અડફેટે લેતા રીક્ષા ચાલકનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જી નાસી છૂટ્યો હતો. જે અંગે મૃતકના ભાઈએ નાગેશ્રી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ઉનાના ગરાળ પ્લોટ વિસ્તારમાં રહેતા ભીમજીભાઈ બાંભણીયાએ નાગેશ્રી પોલીસમાં અજાણ્યા સામે ફરિયાદ નોંધાવી છે કે, તા. ૮ના રોજ વહેલી સવારે તેમનો નાનો ભાઈ દિનેશભાઈ તેની છકડો રીક્ષા લઈ ટીંબી માર્કેટિંગ યાર્ડમાં ઘાસચારો વેચવા માટે જતો હોય, ત્યારે સોંદરડા ગામના પાટીયા પાસે પહોંચતા કોઈ અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાનું વાહન ચલાવી તેમના ભાઈની રીક્ષાને ઠોકર મારતા રીક્ષા પલટી મારી જતા આ અકસ્માતમાં તેમના ભાઈનું મોત નિપજ્યું હતું. પીએસઆઈ જાડેજાએ વધુ તપાસ હાથ ધરી છે.

# મહુવાની પરિણીતાને પતિ તથા સાસુ-સસરા દ્વારા ત્રાસ

અમરેલી, તા. ૯

સાવરકુંડલા બગદાદનગર મદ્રેસા પાસે રહેતી યુવતીના લગ્ન મહુવા મુકામે ઉદ્યોગનગર બાયપાસ તળાજા રોડ પર રહેતા શખ્સ સાથે થયા બાદ તેણીએ પતિ તથા સાસુ-સસરા વિરૂધ્ધ માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત અનુસાર, નરગીશબેન શેખે પતિ અકીલ શેખ, સાસુ આબેદાબેન શેખ તથા સસરા ઈસ્માઈલભાઈ શેખ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે, પતિ તથા સાસુ-સસરાએ તેમને કરિયાવર બાબતે મહેણાટોણા મારી માનસિક દુઃખ-ત્રાસ તેમજ ગાળો આપી હતી. નરગીશબેનની ફરિયાદ પરથી પોલીસે પરિણીતાના પતિ તથા સાસુ-સસરા સામે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજુલામાં ટ્રાફિકને અડચણરૂપ થતા વાહન ચાલકો સામે કાર્યવાહી

અમરેલી, તા. ૯

રાજુલાના હિંડોરણા ગામ પાસે રોડ પર ટ્રાફિકને અડચણરૂપ થતા વાહન ચાલકો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે બે શખ્સો સામે આઈપીસીની કલમ ૨૮૩ હેઠળ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

હિંડોરણાના કનુભાઈ મેપાભાઈ પટાટ નામના ખેડૂત તથા જાફરાબાદ તાલુકાના કાગવદરના મધુભાઈ હરસુરભાઈ ભુવા નામના ખેડૂત સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. કનુભાઈએ પોતાના હવાલાવાળું વાહન મોટર સાયકલ તથા મધુભાઈ ભુવાએ મારૂતી સુઝુકી ફોરવ્હીલ હિંડોરણા ગામ પાસે રોડ પર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે રાખ્યા હતા. ટ્રાફિકને લગતી કરવામાં આવેલી કામગીરીને પગલે ટ્રાફિક નિયમો તોડનારાઓમાં ફફડાટ ફેલાયો હતો.

# પરિણીતાને માનેલા ભાઈ સાથે જોઈ જતા સાસરીયાઓએ માર માર્યો

અમરેલી, તા. ૯

રાજુલાના ધુડીયા આગરીયા ગામે પરિણીતાને તેણે માનેલા ભાઈ સાથે જોઈ જતા તેણીને પતિ, જેઠ-જેઠાણી તથા નણંદ દ્વારા માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. મામલાક્ષે પોલીસ મથકે પહોંચતા રાજુલા પોલીસે તપાસ શરૂ કરી હતી.

સાવરકુંડલાના થોરડી ગામે રહેતા શિલ્પાબેન પરમારે પતિ હરેશ પરમાર, જેઠ અતુલ પરમાર, જેઠાણી કંચનબેન પરમાર તથા નણંદ મંજુબેન મારૂ સામે ફરિયાદ નોંધાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, તેમણે માનેલા ભાઈ નાજાભાઈ તેની મોટર સાયકલમાં બેસાડી થોરડી મુકવા આવતા હોય, આ શખ્સોએ તેમને નાજાભાઈ સાથે જોઈ જતા સારૂ નહી લાગતા તેમને તથા નાજાભાઈને ગાળો આપી ઢીકાપાટુનો મૂઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલીમાં ગાળો આપવાની ના પાડતા પથ્થર મારી ઈજા પહોંચાડી

અમરેલી, તા. ૯

અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં યુવકે ગાળો આપવાની ના પાડતા શખ્સે પથ્થરનો છુટો ઘા મારી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. આ અંગે યુવકે આ શખ્સ સામે અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

હનુમાનપરાની શેરી નં. ૩માં રહેતા ગોપાલભાઈ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૩૩)એ અહીંના મારૂતિનગરમાં રહેતા અનીલ મનસુખભાઈ રંગપરા સામે ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું હતું કે, તેઓ અહીં હનુમાનદાદાના મંદિર પાસે પાનના ગલ્લે માવો ખાવા ગયેલ ત્યાં આરોપીએ તેમને ગાળો આપવા લાગતા તેને ગાળો આપવાની ના પાડતા એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને પથ્થરનો છુટો ઘા કરી માથાના ભાગે મારતા ગંભીર ઈજા પહોંચી હતી. અનીલ રંગપરા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિ: નોમ, તા. ૧૦-૦૫-૨૦૨૨, મંગળવાર, સૂર્યોદય-૦૬:૦૫, સૂર્યાસ્ત-૦૭:૦૬, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: મેઘા

## દૈનિક રાશિફળ

તા.૧૦-૫-૨૦૨૨ મંગળવાર

મેષ: આજનો દિવસ તમને યાદગાર ક્ષણો આપશે. તમને કોઈ ભેટ અથવા સન્માનનો લાભ મળશે.

વૃષભ: આજે તમારા સ્વભાવમાં આળસ અને બેદરકારી બંને હોવાને કારણે આસપાસના લોકોને અગવડતા પડી શકે છે.

મિથુન: આજે તમે જે પણ કાર્ય કરશો તે સરળ બનશે. નકામી વસ્તુઓમાં સમય બગાડશો નહીં.

કર્ક: રોજગારીની દિશામાં પણ સફળતા મળશે. જરૂરી કાર્યોને પ્રાથમિકતા આપો.

સિંહ: પારિવારિક જીવન આનંદદાયક રહેશે. ઘરે અથવા કાર્યસ્થળે પૈસા અંગે કોઈની સાથે વિવાદ થઈ શકે છે.

કન્યા: આજે તમારા સાથીદારોમાં તમારી લોકપ્રિયતા વધશે. વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે વધુમાં વધુ સમય આપવો જોઇએ.

તુલા: આજનો દિવસ તમારા માટે સારો રહેશે. કોઈ પણ અપેક્ષિત શુભ પરિણામથી ખુશી મળશે.

વૃશ્ચિક: આજે તમે વધારે મહેનત કરવા તૈયાર નહીં રહો. તમે આનંદ અને શોખ માટે તૈયાર રહેશો.

ધનુ: છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી માનસિક દુવિધામાં આજનો દિવસ તમને રાહત આપશે.

મકર: આજનો દિવસ મિશ્રિત અસર કરશે. તમે આજે કામના ભારણને પણ થોડું વધારે અનુભવશો.

કુંભ: આજે અન્ય દિવસોની તુલનામાં પરિવારનું વાતાવરણ શાંત રહેશે. બીજાની મદદ કરવાથી દિલાસો મળશે.

મીન: આજે સવારથી ઘર અને કાર્યસ્થળમાં મહત્વપૂર્ણ કામ માટે ધસારો રહેશે.

### જાફરાબાદના આધેડ બોટમાં જવાનું કહીને ગયા બાદ ગુમ

# બગસરાની પરિણીતા બાળકી સાથે લાપતા, પોલીસમાં જાહેર

અમરેલી, તા. ૯

બગસરાની પરિણીતા પોતાની ૧ વર્ષની બાળકી સાથે લાપતા થઈ હતી. જ્યારે જાફરાબાદ ટાઉન પંથકમાં આધેડ બોટમાં જવાનું કહીને નીકળ્યા બાદ ગુમ થતા પોલીસમાં જાહેર કરવામાં આવ્યું હતું.


બગસરામાં મેઘાણી આવાસમાં રહેતા કિશનભાઈ વઘેડીયા સોમનાથ ગયા હતા ત્યારે તેમના પત્ની અને પુત્રી બાપુજીના ઘરે જવાનું કહીને નીકળ્યા બાદ લાપતા થઈ ગયા હતા. જે અંગે કિશનભાઈએ બગસરા પોલીસમાં જાહેર કર્યું છે. જ્યારે જાફરાબાદના કાળુભાઈ શિયાળ બોટમાં જાવ છું તેમ કહી જતા રહ્યા બાદ મળી ન આવતા તેમના પુત્રએ પોલીસને જાણ કરી હતી.

### કુલ ૧૭ દારૂડીયાઓ ઝડપાયા

# જિલ્લામાં નશો કરી વાહન ચલાવતા ૭ સામે કાર્યવાહી

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં છેલ્લા થોડા દિવસોથી દારૂડીયાઓ અને દારૂનું વેચાણ કરનારાઓ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં ખાસ કરીને નશાની હાલતમાં વાહન ચલાવતા વાહન ચાલકો સામે મોટર વ્હીકલ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કડક પગલા લેવામાં આવી રહ્યા છે. ત્યારે ગઈકાલે જિલ્લામાંથી વધુ ૭ શખ્સો નશાની હાલતમાં વાહન ચલાવતા મળી આવતા તમામ સામે પગલા લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત અન્ય ૧૦ નશાખોરો ઝડપાયા હતા. તેમજ રાજુલા અને બગસરા પંથકમાંથી વિદેશી દારૂની ૨૦ જેટલી બોટલો ઝડપાઈ હતી. જે અંગે પોલીસે બે સામે ગુનો નોંધ્યો હતો.






**તંત્રી સ્થાનેથી**

# ટ્વિટર હવે મફત નહીં રહે!!

વિશ્વનો સૌથી ધનિક માનવી એલોન મસ્ક હવે ટ્વિટરનો માલિક બની ગયો છે. હવે ટૂંક સમયમાં જ ટ્વિટરનો વ્યવસાયિક ઉપયોગ કરનારે એના પૈસા ચૂકવવા પડશે. આવી જ રીતે મોટી કંપનીઓ અને પોલિટિકલ પાર્ટીઓને પણ ઘરના ઉપયોગ માટે પૈસા ચૂકવવા પડશે. સામાન્ય રીતે ટ્વિટર, ફેસબુક, વોટ્સએપ જેવા પ્લેટફોર્મ સામાન્ય જનતા માટે મફત છે પરંતુ તેનો ઉપયોગ વિશિષ્ટ રીતે કરવો હોય તો તેના અલગ પૈસા ચૂકવવા પડે છે. અત્યાર સુધી આ બધું મફત હતું પરંતુ હવે આ દુનિયામાં કોઈ વસ્તુ મફતમાં મળી શકતી નથી. આ બધી વેબસાઈટનો વધુ ઉપયોગ કરવો હોય, ખાસ ઉપયોગ કરવો હોય તો તેના પૈસા ચૂકવવા પડે છે. આ ઉપરાંત આ વેબસાઈટમાં જુદી-જુદી કંપનીઓની જાહેરાત આપી આ કંપનીઓ કરોડો ડોલર કમાય છે

જે લોકો આ વેબસાઈટની લિંક બીજા લોકોને મોકલે અને બીજા લોકો જો તેમાં દાખલ થાય તો આ કંપની લિંક મોકલનારને પૈસા ચૂકવે છે જેને રેફરલ લિંક કહેવામાં આવે છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટરના (Microblogging Site Twitter) માલિક હવે દુનિયાના સૌથી અમીર એલોન મસ્ક બની ગયા છે. ટ્વિટરના દુનિયામાં કરોડો યુઝર્સ છે. જેની કમાન પોતાના હાથમાં લેવાના થોડા જ દિવસોમાં એલોન મસ્કે મોટી જાહેરાત કરી છે. તેના કારણે ટ્વિટરનો ઉપયોગ કરતા લોકોને હવે તેના ઉપયોગ માટે રૂપિયા ચુકવવા પડશે તેવી શંકાઓ થઈ રહી છે. જોકે એલોન મસ્કે કહ્યું છે કે કોમર્શિયલ અને સરકારી યુઝરોને જ તેના ઉપયોગ માટે અમુક કિંમત ચુકવવી પડી શકે છે. આ સાથે તેમણે એ પણ વાત કરી છે કે સામાન્ય યુઝર્સ માટે આ પ્લેટફોર્મ હંમેશા ફ્રી રહેશે.

એલોન મસ્કે આ અંગે ટ્વિટ કરતા જણાવ્યું છે કે, ટ્વિટર હંમેશા કેઝ્યુઅલ યુઝર્સ માટે મફત રહેશે. પરંતુ કોમર્શિયલ અને સરકારી યુઝર્સે તેના વપરાશ માટે થોડી કિંમત ચુકવવી પડી શકે છે. તેમણે ફ્રીમેસન્સનો પણ ઉલ્લેખ કરીને કહ્યું છે કે આખરે તેમનું પતન શાનદાર સેવાઓને લગભગ કશું ના આપવાના કારણે થયું હતું.

મસ્ક ૪૪ અબજ ડૉલરમાં ટ્વિટર ખરીદીને તેના માલિક બન્યા છે. આ સાથે ટ્વિટરમાં કેટલાક ફેરફાર પણ કરવામાં આવી શકે છે અને તેમાંથી કંપનીના સીઈઓ પરાગ અગ્રવાલ અને પોલિસી હેડ વિજય ગાડ્ડેને હટાવવામાં પણ આવી શકે છે. કંપનીની કમાન પોતાના હાથમાં લેતા જ મસ્કે ફ્રી સ્પીચની વાત કહી હતી. ટ્વિટર પર પક્ષપાતનો આરોપ લાગતો રહ્યો છે. એલોન મસ્કના આ નિવેદનને કોઈ બાબત સાથે જોડીને જોવામાં આવ્યું હતું.

નવા માલિક મસ્કે હાલમાં ટ્વિટરમાં નવા ફીચર્સ જોડવાની વાત કહી હતી. એક ટ્વિટ કરીને તેમણે લખ્યું હતું કે તેઓ એક નવું ફીચર, ઓપન સોર્સ અલ્ગોરિધમ સાથે ટ્વિટરને પહેલા કરતા વધારે સારી પ્રોડક્ટ બનાવવા માગે છે. ટ્વિટરમાં અપાર સંભાવનાઓ છે. તેઓ કંપની સાથે કામ કરવા માટે ઉત્સુક છે.

# યુરોપીય મહાસંઘ સાથે મુક્ત વેપાર

**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

વિશ્વ વેપાર સંગઠન (WTO) એ આંતરરાષ્ટ્રીય મૂડી વેપાર પર દેખરેખ રાખવા અને તેના ઉદારીકરણ માટે તેના સ્થાપકો દ્વારા રચવામાં આવેલું આંતરરાષ્ટ્રીય સંગઠન છે. આ સંગઠનની સત્તાવાર શરૂઆત ૧ જાન્યુઆરી ૧૯૯૫ના રોજ મરાકેશ સમજૂતી હેઠળ, ૧૯૪૭માં શરૂ થયેલા જનરલ એગ્રિમેન્ટ ઓન ટેરિફ્સ એન્ડ ટ્રેડ (GATT)નું સ્થાન મેળવીને થઇ હતી. વિશ્વ વેપાર સંગઠન સભ્ય રાષ્ટ્રો વચ્ચે વેપારનું નિયમન કરે છે, તે વેપાર કરાર માટે મંત્રણા તેમજ મુસદ્દા માટે માળખું પુરું પાડે છે. વિશ્વ વેપાર સંગઠન સમજૂતીનું પાલન કરતા સભ્ય રાષ્ટ્રોને વિવાદની પતાવટ પ્રક્રિયા પુરી પાડે છે. વિશ્વ વેપાર સંગઠન સમજૂતી પર સભ્ય રાષ્ટ્રોની સરકારના પ્રિતિનિધિઓ દ્વારા હસ્તાક્ષર થયેલા હોય છે અને જે તે સભ્ય રાષ્ટ્રની સંસદ દ્વારા તેમને મંજૂરી મળેલી હોય છે. વિશ્વ વેપાર સંગઠન મોટે ભાગે આગળની વેપાર મંત્રણામાંથી ઉભા થયેલા મુદ્દા પર કામ કરે છે, ખાસ કરીને ઉરુગ્વે મંત્રણાથી (૧૯૮૬-૧૯૯૪) ઉભા થયેલા મુદ્દા પર. સંગઠન અત્યારે દોહા ડેવલપમેન્ટ એજન્ડા (અથવા દોહા મંત્રણા)ને સફળ બનાવવા પ્રયાસ કરી રહ્યું છે. વિશ્વની મોટા ભાગની વસ્તીનું પ્રતિનિધિત્વ કરતા ગરીબ દેશોની ભાગીદારી વધારવાના ઉદ્દેશ સાથે દોહા મંત્રણાની ૨૦૦૧માં શરૂઆત થઇ હતી. જો કે ખેડૂતોને આયાતમાં ધરખમ વૃદ્ધિ સામે રક્ષણ આપવા માટે વિશેષ રક્ષણાત્મક પગલા મુદ્દે જથ્થાબંધ કૃષિ કોમોડિટી નિકાસકારો અને સબસિડી પર નભતા હોય તેવા મોટી સંખ્યામાં ખેડૂતો ધરાવતા દેશો વચ્ચે અસંમતિ સર્જાતા તે મંત્રણા પડી ભાંગી હતી. હાલના તબક્કે પણ દોહા મંત્રણાનું ભાવિ અનિશ્ચિત છે. એક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એ બે દેશો અથવા ક્ષેત્રો વચ્ચે સંધિ છે, જેમાં તેઓ બંને મોટાભાગના અથવા તમામ ટેરિફ, ક્વોટા, ખાસ ફી, ટેક્સ અને કંપનીઓ વચ્ચે વેપાર કરવા માટેના અન્ય અવરોધોને ઉપાડવા માટે સંમત છે.

ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો હેતુ બે દેશો / વિસ્તારો વચ્ચે ઝડપી અને વધુ વ્યવસાયને મંજૂરી આપવાનો છે, જેનાથી બંનેને લાભ થવો જોઈએ. શા માટે તમામ ફ્રી ટ્રેડમાંથી લાભ લેવો જોઈએ?

ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ અંતર્ગત આર્થિક સિદ્ધાંત એ "તુલનાત્મક ફાયદો" છે, જે બ્રિટિશ રાજકીય અર્થશાસ્ત્રી ડેવિડ રિકાર્ડો દ્વારા "રાજકીય અર્થતંત્ર અને કરવેરા સિદ્ધાંતો પરના સિદ્ધાંતો" ની ૧૮૧૭ ની પુસ્તિકામાં ઉદ્ભવ્યા હતા. સરળ રીતે, "તુલનાત્મક લાભ સિદ્ધાંત" એ સ્પષ્ટ કરે છે કે મફત બજારમાં, દરેક દેશ / વિસ્તાર આ પ્રવૃત્તિમાં છેવટે વિશિષ્ટતા ધરાવે છે જ્યાં તે તુલનાત્મક લાભ ધરાવે છે. એટલે કે કુદરતી સંસાધનો, કુશળ કામદારો, કૃષિ-ફ્રેંડલી હવામાન વગેરેનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે આના કારણે સંધિ સાથેના તમામ પક્ષો તેમની આવકમાં વધારો કરશે. આ સિદ્ધાંત માત્ર એકંદર સંપત્તિને જ દર્શાવે છે અને સંપત્તિના વિતરણ વિશે કંઈ જ નથી કહેતા.



અલબત્ત, નોંધપાત્ર ઘટાડા હોઈ શકે છે. અમુક લોકો દાવો કરે છે કે ૨૧ મી સેન્ચ્યુરી ફ્રી ટ્રેડથી તમામ લાભ નથી. રાજકીય પાંખની બન્ને બાજુના ક્રિટીક્સ દલીલ કરે છે કે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ યુ.એસ. અથવા તેના મુક્ત વ્યાપાર ભાગીદારોને ક્યાં લાભ માટે અસરકારક રીતે કાર્યરત છે. અર્થશાસ્ત્રીઓ મજબૂત રીતે વિકસતા જગતના અત્યંત વાસ્તવિક લાભોને પ્રોત્સાહિત કરી શકે છે. જ્યારે તેઓ વધુ વિદેશી વેચાણ કરે છે ત્યારે અમેરિકન વ્યવસાયો વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે.

આવતા વર્ષ સુધીમાં ભારત યુરોપિયન યુનિયન ( ઈયુ - યુરોપ મહાસંઘ ) સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ( એફ્ટીએ ) પૂર્ણ કરશે, એમ કેન્દ્રના વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે આઈએમસી ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આયોજિત ' આઈએમસી ઈન્ડિયા કૉલિંગ કૉન્ફરન્સ ૨૦૨૨'નું ઉદ્ઘાટન કર્યા બાદ જણાવ્યું હતું. ભારતે યુએઈ અને ઑસ્ટ્રેલિયા સાથે તાજેતરમાં એફટીએ કર્યા છે અને ઈયુ, યુકે, કેનેડા અને ગલ્ફ કૉર્પોરેશન કાઉન્સિલ ( જીસીસી ) સાથે એફટીએ કરવા માટે મંત્રણાઓ થઈ રહી હોવાનું ગોયલે જણાવ્યું હતું. આવતા વર્ષ સુધીમાં યુરોપ મહાસંઘ સાથે એફટીએ પૂરા થશે, અત્યારે નવી દિલ્હીમાં ઈટાલીના વિદેશ પ્રધાન આવ્યા છે, તેમની સાથે પણ મંત્રણા આ વિશે થશે એમ કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું. બ્રિટન સાથે મંત્રણાના ત્રણ રાઉન્ડ થઈ ચૂક્યા છે અને ટૂંકમાં ચોથો રાઉન્ડ શરૂ થશે, બ્રિટનના પ્રતિનિધિઓને ૨૬-૨૭ મેએ પોતે મળશે, એમ ગોયલે જણાવ્યું હતું. વિવિધ રાષ્ટ્રો સાથે એફ્ટીએ કરવાથી દેશનો વિકાસ ઝડપી થશે અને તે સાથે વધુ રોજગારોનું પણ નિર્માણ થશે. પીએલઆઈ સ્કીમ અને માળખાકીય યોજનાઓથી અપેક્ષિત સકારાત્મક પરિણામો મળી રહ્યા હોવાનું ગોયલે જણાવ્યું હતું. આઈએમસી એક સદી જૂની પ્રતિષ્ઠિત સંસ્થા છે અને ૧૯૪૭ પહેલાં 'આત્મનિર્ભર'નો વિચાર આઈએમસીએ માંડયો હતો, સ્વદેશી ચળવળમાં પણ આઈએમસીનું મૂલ્યવાન યોગદાન હતું. કોરોનાની વૈશ્વિક મહામારીની નકારાત્મક અસરો ભારત માટે હવે ભૂતકાળ બની ગઈ હોય તેમ ભારતીય અર્થતંત્ર પુરપાટ ઝડપે આગળ ધપી રહ્યું છે. જેમાં સરકાર અને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના સમન્વય નિર્ણયોનો મહત્વનો ફાળો છે. એમાં પણ આજના ડિજિટલ યુગમાં ઓનલાઈન સેવાઓનો વ્યાપ વિસ્તાર વધતા મોટા લાભો મળ્યા છે. મોબાઈલ, ઈન્ટરનેટના જમાનામાં અન્ય દેશો સાથે થતા ડિજિટલી બેઈઝના કરારો મહત્વપૂર્ણ સાબિત થશે. જે ભારતને આર્થિક મહાસત્તા બનાવવામાં મોટો ફાળો ભજવશે. ઓસ્ટ્રેલિયાએ પણ ઈ-કોમર્સ સાથે મુકત વેપારની સંધિ કરી!! મુક્ત વ્યાપાર કરારથી ભારતની આયાત-નિકાસ, વેપાર વધુ મજબૂત બનશે. અમેરિકા, બ્રિટન બાદ ભારતે ઓસ્ટ્રેલિયા સાથે પણ મુક્ત વેપાર સંધિ કરી છે. જેમાં તેઓ ઈ-કોમર્સને સમાવવા માટે પણ હવે સંમત થઈ ગયા છે. જે આગામી વર્ષના અંત સુધીમાં અમલમાં મુકાય તેવી શક્યતા છે. ઓસ્ટ્રેલિયાના વેપાર, પ્રવાસન અને રોકાણ મંત્રી ડેન તેહાન અને કેન્દ્રીય વાણિજય અને વેપાર મંત્રી પિયુષ ગોયલ વચ્ચે બેઠક મળી હતી. તેમણે જણાવ્યું કે ઈ-કોમર્સ એ એક એવી બાબત હતી જેના પર અમે ગઈકાલે ચર્ચા કરી. ડેન તેહાને જણાવ્યું કે ઓસ્ટ્રેલિયા ભારતીય બજારમાં તેની પહોંચ સુધારવા માંગે છે. ઈ-કોમર્સ ક્ષેત્રનો પણ મુક્ત વ્યાપાર હેઠળ સમાવેશ થતા બંને દેશો એકબીજાને શ્રેષ્ઠ ઓફરોની આપ-લે કરી શકશે. આ ઉપરાંત, ઓનલાઈન વેપાર સરળ અને સુગમ બનશે. જણાવી દઈએ કે, ભારત-ઓસ્ટ્રેલિયાનો દ્વિપક્ષીય વેપાર ગયા વર્ષે ૨૪ અબજને વટાવી ગયો હતો. ઓસ્ટ્રેલિયામાં મુખ્ય ભારતીય નિકાસ પેટ્રોલિયમ ઉત્પાદનો, દવાઓ, પોલિશ્ડ હીરા, સોનાના દાગીના, વસ્ત્રો વગેરે છે,

આગામી દસકામાં ઈ-કોમર્સ બજાર રૂ.૨૫ લાખ કરોડને આંબી જશે. ભારત સહિત વિશ્વભરના દેશોમાં ઈ-કોમર્સ ક્ષેત્રનો વધુને વધુ વ્યાપ વધી રહ્યો છે. ભારતમાં પણ રિલાયન્સ, એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવી ઘણી ઈ-કોમર્સ કંપનીઓનો દબદબો વધ્યો છે. જેની પાછળનું કારણ ડિજિટલ સેવાનો વેગ છે. વેપાર, ખરીદ-વેચાણને ઓનલાઈન પ્લેટફોર્મ મળતા ઈ-કોમર્સ ક્ષેત્ર જામ્યું છે. ત્યારે હવે ભારતમાં આ ક્ષેત્રનું બજાર આગામી ૧૦ વર્ષમાં રૂપિયા ૨૫ લાખ કરોડને આંબી જશે તેવી શકયતા છે. મેનેજમેન્ટ કન્સલ્ટિંગ ફર્મ રેડસીર કન્સલ્ટિંગે તાજેતરમાં જણાવ્યું છે કે ભારતમાં ઓનલાઈન રિટેલ માર્કેટ ૨૦૩૦ સુધીમાં ૩૫૦ બિલિયન એટલે કે રૂપિયા ૨૫ લાખ કરોડ સુધી પહોંચવાની ધારણા છે. આ અહેવાલમાં જણાવ્યા મુજબ, કોવિડ પછીની આવકમાં વૃદ્ધિની દ્રષ્ટિએ અમે ધારણા કરી છે કે આગામી દાયકામાં યુકે અને દક્ષિણ કોરિયા જેવા વધુ પરિપક્વ બજારોને ગ્રહણ કરીને ભારતીય ઈ-કોમર્સ ક્ષેત્રનું ત્રીજું મોટું બજાર બની જશે.

# કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો ૭૭.૪૭ના તળિયે

(એ.આર.એલ),મુંબઈ,તા.૯


મોંઘવારી વચ્ચે વ્યાજ દરના વધારા સહિતના ઘટનાક્રમોનો પ્રત્યાઘાત કરન્સી માર્કેટ પર પણ પડવા લાગ્યો હોય તેમ આજે સતત બીજા દિવસે ડોલર સામે રુપિયામાં કડાકો સર્જાયો હતો અને રુપિયો ૭૭ના લેવલને ક્રોસ કરીને ઐતિહાસિક તળિયે ધસી ગયો હતો. બપોરે એક ડોલર સામે ભારતીય રુપિયાનું મૂલ્ય ૭૭.૪૭ હતું. જે અત્યાર સુધીનો સૌથી નીચો ભાવ છે. કરન્સી માર્કેટમાં શુક્રવારથી સર્જાયેલું દબાણ આજે પણ ચાલુ રહ્યું હોય તેમ ઉઘડતામાં જ રુપિયો ૭૭.૧૭ પર ધસી ગયો હતો અને સતત નીચે સરકતો રહીને બપોરે ૭૭.૪૭ પર પહોચ્યો હતો. જાણકારોનાં કહેવા પ્રમાણે રુપિયાની નબળાઇ પાછળ અનેક કારણો જવાબદાર છે જેમાં સૌથી મોટુ મોંઘવારીના મુકાબલા માટે રિઝર્વ બેન્કે વધારેલા વ્યાજ દર જવાબદાર છે એટલું જ નહીં આવતા દિવસોમાં પણ હજુ મોંઘવારી અટકે તેમ ન હોવાથી વ્યાજમાં હજુ વધારો થવાની આશંકા પણ દબાણ સર્જી રહી છે. ભારત સિવાય અમેરિકાના વ્યાજ વધારાની પણ ઈફેક્ટ છે. કારણ કે,



બોન્ડ યીલ્ડમાં વૃધ્ધિ થઈ છે અને તેને પગલે ડોલર ઈન્ડેક્સ ૨૦ વર્ષની ઉંચાઈએ પહોંચી ગયો છે. ભારતીય વિદેશી હુંડીયામણમાં સતત ઘટાડો પણ રુપિયાની નબળાઈ પાછળ કારણભૂત ગણવામાં આવે છે. છેલ્લા કેટલાક વખતથી ડોલર સામે રુપિયો ૭૭નું લેવલ ન તોડે તે માટે રિઝર્વ બેન્ક સતત દરમિયાનગીરી કરતી હતી અને તેમાં હુંડીયામણ ઓછું થતું રહ્યું હતું. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના અઠવાડિયા દરમિયાન ભારતનું વિદેશી હુંડીયામણ ૬૪૨ અબજ ડોલરના રેકોર્ડ સ્તરે હતું તેમાં ૪૫ અબજ ડોલરનો ઘટાડો થઈ ગયો છે. વિદેશી નાણા સંસ્થાઓ શેરબજારમાં જંગી માત્રામાં માલ વેચતી હોવાના કારણે પણ હુંડીયામણ ઘટી રહ્યું છે.

રશિયાના યુક્રેન પરના આક્રમણને કારણે ક્રૂડ તેલ સળગ્યું હોવાથી તેની પણ કરન્સી માર્કેટમાં અસર વર્તાઈ રહી છે. ભારતની ચાલુ ખાતાની ખાધ વધવાની અને મોંઘવારીમાંથી હજી રાહત નહીં મળવાની આશંકા ડોલર સામે રુપિયામાં વધુને વધુ દબાણ સર્જી રહી છે. ડોલર ઉપરાંત યુરો તથા પાઉન્ડ સામે પણ રુપિયો નબળો પડયો હતો.

## શબ્દ સંજોગ-૧૩૪૪



**આડી ચાવી :**
(૧) આકાશમાં ફરતા હવામય તેજસમૂહો (૪)
(૩) બ્રહ્મા (૪)
(૫) કાદવ (૩)
(૭) વેપારી (૩)
(૧૦) ઘર,ઈમારત (૩)
(૧૩) યજ્ઞ (૨)
(૧૪) દોજખ (૩)
(૧૫) તદન, બિલકુલ (૨)
(૧૭) શોકથી પીડિત (૩)
(૧૯) ખેલ, ક્રીડા (૩)
(૨૧) ચા અંગ્રેજીમાં (૧)
(૨૩) બોલાવવા માટે પાડેલી મોટી બૂમ (૩)
(૨૫) એદીપણું, સુસ્તી (૩)
(૨૭) શુદ્ધ સોનું (૩)
(૨૯) એક ફરસાણ (૩)
(૩૦) જીવ,ચેતન (૨)
(૩૧) ...ની બલિહારી (૩)

**ઉભી ચાવી :**
(૧) હણનારો, ઘાતક (૩)
(૨) કાકાની પત્ની (૨)
(૩) આહવાન (૩)
(૪) એક નદી (૨)
(૬) આનંદ, મોજમજા (૩)
(૮) વરરાજા (૪)
(૯) ધાબળો, બનૂસ (૨)
(૧૧) જગા કે પ્રદેશનો માપસર આલેખ (૩)
(૧૨) કોઈ કામ કરવાનો શુભ સમય (૩)
(૧૬) સોનો સમુદાય (૩)
(૧૮) આડખીલી, નડતર (૩)
(૨૦) અમિતાભ ત્રણ રોલમાં (૩)
(૨૨) વરસાદનું પાણી ભરી મૂકવાને જમીનની અંદર બનાવેલો છોબંધ કોઠો (૨)
(૨૪) એક કંદ (૩)
(૨૫) સહેલું (૩)
(૨૬) કારણ, હેતુ (૩)
(૨૮) શેતરંજી (૨)

## શબ્દ સંજોગ-૧૩૪૩ જવાબ

**આડી ચાવી :** (૧) સમયપત્રક (૫) સ્વૈર (૭) વર (૮) લંકા (૯) યવન (૧૧) અંક (૧૨) મના (૧૩) અજ (૧૪) સંત (૧૫) વઘાર (૧૭) નાટક (૨૦) રતલામ (૨૨) નટવર (૨૩) સ્તર (૨૫) નશ્વર (૨૭) તરફદાર (૩૦) લવાદ (૩૧) રોફ.

**ઉભી ચાવી :** (૧) સમય (૨) યવન (૩) પર (૪) કલંક (૬) રવાના (૧૦) વજ્રાઘાત (૧૧) અંજના (૧૨) મત (૧૪) સંકટ (૧૫) વરદાન (૧૬) રલા(લાર) (૧૮) ટન (૧૯) બરતરફ (૨૧) મસ્ત (૨૪) રતવા (૨૬) શ્વશ્રુ (૨૮) રદ (૨૯) દારો.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૨૦૦૦ | ૨૫૯૯ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૪૭૮ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૫ |
| જુવાર સફેદ | ૪૭૦ | ૬૫૫ |
| જુવાર પીળી | ૩૭૦ | ૫૧૫ |
| બાજરી | ૩૭૫ | ૫૨૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ચણા પીળા | ૮૮૦ | ૯૧૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| અડદ | ૮૫૦ | ૧૩૭૫ |
| મગ | ૧૨૭૨ | ૧૪૨૫ |
| વાલ દેશી | ૮૨૫ | ૧૫૭૫ |
| વાલ પાપડી | ૧૬૫૦ | ૧૯૪૦ |
| ચોળી | ૯૫૦ | ૧૪૮૦ |
| કળથી | ૮૫૦ | ૧૦૦૫ |
| મગફળી જાડી | ૧૦૯૦ | ૧૩૧૪ |
| મગફળી જીણી | ૧૦૬૦ | ૧૨૮૦ |
| અળશી | ૧૨૨૦ | ૧૪૨૦ |
| તલી | ૧૮૫૦ | ૨૧૭૫ |
| સુરજમુખી | ૧૧૧૫ | ૧૩૨૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૪૧૮ |
| અજમો | ૧૫૫૦ | ૨૧૦૦ |
| સુવા | ૧૧૫૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૭૩ |
| કાળા તલ | ૧૯૫૦ | ૨૩૨૦ |
| લસણ | ૧૮૦ | ૬૨૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૧૮૦ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૮૫૦ |
| ધાણી | ૧૯૨૫ | ૨૩૦૦ |
| વરીયાળી | ૧૬૧૫ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૪૧૧૯ |
| રાય | ૧૦૪૫ | ૧૧૯૫ |
| મેથી | ૯૪૦ | ૧૧૯૮ |
| ઇસબગુલ | ૨૨૫૦ | ૨૪૫૦ |
| કલોંજી | ૨૧૦૦ | ૨૮૮૦ |
| રાયડો | ૧૧૭૫ | ૧૨૯૪ |
| ગુવારનું બી | ૧૧૨૦ | ૧૧૨૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૩૦૫૦ |
| સાકરટેટી | ૨૦૦ | ૩૫૦ |
| તરબુચ | ૨૫૦ | ૩૫૦ |
| બટેટા | ૨૦૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૨૫ | ૧૭૫ |
| ટમેટા | ૪૦૦ | ૮૦૦ |
| સુરણ | ૩૦૦ | ૫૫૦ |
| કોથમરી | ૪૫૦ | ૭૦૦ |
| મુળા | ૩૫૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૨૦ | ૨૭૦ |
| કોબીજ | ૧૩૦ | ૩૩૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૫૦ |
| ભીંડો | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૩૩૦ | ૫૫૦ |
| ચોળાસીંગ | ૨૩૦ | ૪૩૦ |
| વાલોળ | ૫૩૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૩૦ | ૨૫૦ |
| કારેલા | ૨૮૦ | ૪૫૦ |
| સરગવો | ૨૩૦ | ૪૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૫૦૦ |
| પરવર | ૩૫૦ | ૫૫૦ |
| કાકડી | ૧૮૦ | ૩૫૦ |
| ગાજર | ૨૫૦ | ૪૦૦ |
| વટાણા | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ગલકા | ૨૪૦ | ૪૫૦ |
| મેથી | ૫૫૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૩૫૦ | ૫૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૫૫૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૩૦ |
| ગુંદા | ૩૫૦ | ૫૫૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૨૫૦ | ૩૪૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૨૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૬૦૦ |
| કોબીઝ | ૧૪૦ | ૨૦૦ |
| ટમેટાં | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૪૫૦ |
| ગલકા | ૧૦૦ | ૨૪૦ |
| કાકડી | ૧૨૦ | ૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૮૦૦ |
| ચોળા લીલા | ૪૫૦ | ૬૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| સકરટેટી | ૨૦૦ | ૩૨૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૬૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૭૮૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૧૦૦ | ૨૨૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૪૭૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૨૦ |
| મરચાં લીલા | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૬૦ | ૧૮૦ |
| લસણ સુકુ | ૫૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| પાલક | ૨૫૦ | ૩૫૦ |
| ગુંદી | ૩૦૦ | ૩૭૦ |
| પાકી કેરી | ૨૫૦ | ૩૫૦ |
| કાચી કેરી | ૮૦૦ | ૧૦૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૨૭૫ | ૧૩૫૮ |
| શિંગ મોટી | ૧૧૭૦ | ૧૩૪૦ |
| શિંગ દાણા | ૧૩૩૨ | ૧૭૭૬ |
| શિંગ દાણા(ફાડા) | ૧૫૮૫ | ૧૭૪૮ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૧૮૯ |
| તલ કાળા | ૧૧૪૫ | ૨૪૦૨ |
| તલ કાશ્મીરી | ૧૩૯૦ | ૨૦૦૦ |
| બાજરો | ૪૮૦ | ૫૦૯ |
| જુવાર | ૪૦૦ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૪૦૨ | ૬૦૦ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૯૪ |
| ચણા | ૬૬૫ | ૮૯૩ |
| તુવેર | ૭૦૦ | ૧૧૧૯ |
| કપાસ | ૧૪૫૫ | ૨૬૪૮ |
| એરંડા | ૧૦૯૬ | ૧૩૮૮ |
| જીરું | ૨૬૨૫ | ૪૧૫૦ |
| રાઈ | ૧૦૮૫ | ૧૨૦૦ |
| ધાણા | ૧૪૦૫ | ૨૧૫૦ |
| મેથી | ૭૮૬ | ૯૭૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૪૧ |
| ચણા દેશી | ૬૫૭ | ૯૩૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૨૯૦ | ૪૪૪ |
| બાજરી | ૪૫૦ | ૪૮૧ |
| ઘઉં | ૧૧૦૦ | ૧૩૯૦ |
| મગ | ૪૦૦ | ૧૦૦૦ |
| અડદ | ૯૦૦ | ૧૧૩૫ |
| ચોળી | ૧૨૦૦ | ૧૫૫૫ |
| વાલ | ૮૦૦ | ૧૧૪૫ |
| મકાઇ | ૮૦૦ | ૯૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૦૦ |
| મગફળી - જીણી | ૯૫૦ | ૧૨૪૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૩૯૨ |
| તલ કાળા | ૧૨૦૦ | ૧૨૮૫ |
| રાયડો | ૨૦૦ | ૫૭૭ |
| લસણ | ૧૮૫૦ | ૨૩૮૦ |
| કપાસ | ૨૫૫૦ | ૪૧૩૦ |
| જીરૂ | ૧૫૦૦ | ૨૪૫૦ |
| અજમો | ૧૦૦ | ૧૭૫૦ |
| અજમાની ભુસી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦૦ | ૩૨૨૫ |
| વટાણા | ૨૦૦૦ | ૨૮૦૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૪૨ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૩૦૦ |
| મગફળી જાડી | ૮૪૦ | ૧૩૭૬ |
| સીંગ ફાડીયા | ૧૦૫૧ | ૧૭૦૧ |
| એરંડા/એરંડી | ૧૧૦૦ | ૧૪૧૧ |
| તલ-તલી | ૧૩૦૦ | ૨૧૯૧ |
| જીરૂ | ૨૧૫૧ | ૪૦૪૧ |
| કલંજી | ૧૦૦૦ | ૨૮૨૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૩૫૧ |
| ધાણી | ૧૩૦૧ | ૨૫૧૧ |
| લસણ સુકું | ૧૦૧ | ૫૪૬ |
| બાજરો | ૩૪૪ | ૪૦૧ |
| જુવાર | ૬૦૧ | ૬૩૧ |
| મકાઇ | ૩૮૧ | ૫૧૧ |
| મગ | ૮૦૦ | ૧૪૦૧ |
| ચણા | ૮૩૧ | ૯૧૧ |
| વાલ | ૧૨૭૬ | ૧૬૫૧ |
| તુવેર | ૮૨૬ | ૧૨૮૧ |
| સોયાબીન | ૧૨૭૬ | ૧૩૭૬ |
| રાયડો | ૧૧૬૧ | ૧૨૭૧ |
| રાય | ૮૦૦ | ૮૦૦ |
| મેથી | ૮૬૧ | ૧૧૬૧ |
| અજમા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ગોગળી | ૭૦૦ | ૧૧૬૧ |
| કાંગ | ૫૭૧ | ૫૭૧ |
| સુરજમુખી | ૧૧૭૬ | ૧૨૫૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૬૫૦ | ૨૬૩૫ |
| મગફળી | ૧૦૯૭ | ૧૨૮૩ |
| જીરૂ | ૨૪૭૦ | ૩૮૨૦ |
| ચણા | ૮૭૯ | ૮૯૧ |
| ઘઉં | ૪૦૮ | ૫૬૨ |
| ધાણા | ૮૭૯ | ૮૯૧ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૬૦૦ | ૨૫૫૦ |
| ઘઉં | ૩૭૦ | ૪૮૦ |
| ચણા | ૭૦૦ | ૮૮૪ |
| તુવેર | ૮૦૦ | ૧૦૩૦ |
| મગફળી | ૯૫૦ | ૧૨૫૦ |
| શિંગ ફાડા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૫૦ |
| મેથી | ૭૦૦ | ૯૨૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૨૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૨૧૫૪ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૮૦ | ૧૨૫૦ |
| ચણા | ૭૫૧ | ૯૧૫ |
| ધાણા | ૧૩૯૦ | ૧૯૦૦ |
| મેથી | ૯૦૫ | ૧૦૦૧ |
| ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| મગ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| સફેદ ચણા | ૧૬૧૫ | ૧૬૧૫ |
| **કોડીનાર** | | |
| મગફળીનવીજી-૨૦ | ૧૫૫૦ | ૧૪૩૦ |
| બાજરી હાઇબ્રીડ | ૩૫૦ | ૫૨૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૭ |
| રાઇ | ૧૨૩૦ | ૧૨૮૦ |
| મેથી | ૯૫૦ | ૧૦૫૨ |
| જુવાર | ૪૦૦ | ૬૧૪ |
| મગ નવા | ૧૦૭૦ | ૧૪૧૪ |
| અડદ | ૭૫૦ | ૧૩૬૩ |
| એરંડી | ૧૨૦૦ | ૧૪૧૦ |
| ચણા | ૮૦૦ | ૯૧૮ |
| કાળા તલ | ૧૮૦૦ | ૨૨૬૫ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૪૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૧૯૨ |
| **રાજુલા** | | |
| બાજરો | ૩૮૬ | ૬૭૦ |
| જુવાર | ૪૦૦ | ૭૧૧ |
| ઘઉં ટુકડા | ૪૩૪ | ૪૮૦ |
| સોયાબીન | ૫૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૪૧ |
| તુવેર | ૧૦૧૧ | ૧૦૭૦ |
| ચણા | ૪૦૦ | ૯૦૬ |
| ધાણા | ૧૭૦૦ | ૨૦૦૧ |
| શીંગ | ૧૨૦૦ | ૧૨૯૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૧૮૦૦ | ૨૧૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૨૪૫૦ |
| સૂવા | ૮૦૦ | ૧૦૦૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલપીળા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૫૫૦ | ૨૬૭૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૯ |
| ચણા | ૭૯૮ | ૮૭૧ |
| ધાણા | ૨૦૦૦ | ૨૦૯૦ |
| મેથી | ૭૬૦ | ૯૮૦ |
| બાજરો | ૪૧૦ | ૪૮૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૬૦ |
| રાઈ | ૧૦૫૦ | ૧૧૦૦ |
| વાલ | ૯૦૦ | ૯૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ - મોટી | ૧૧૮૦ | ૧૩૪૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૧૩ |
| તલ કાળા | ૧૯૦૧ | ૨૧૧૩ |
| જીરૂ | ૨૨૦૦ | ૩૬૫૧ |
| કપાસ | ૧૭૪૦ | ૨૫૦૦ |
| ઘઉં લોકવન | ૪૨૧ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૦૪ |
| બાજરો | ૩૬૦ | ૫૩૨ |
| જુવાર | ૪૭૨ | ૬૪૩ |
| મકાઇ | ૩૯૦ | ૪૦૧ |
| ચણા દેશી | ૮૬૦ | ૯૫૦ |
| ચણા | ૮૨૦ | ૯૦૯ |
| તુવેર | ૯૫૫ | ૧૧૨૦ |
| એરંડી | ૧૨૬૦ | ૧૩૬૪ |
| મેથી | ૮૭૦ | ૧૦૦૭ |
| ધાણા | ૧૮૧૦ | ૨૦૭૦ |
| સોયાબીન | ૧૨૧૫ | ૧૩૧૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૦૦ | ૨૧૮૧ |
| ચણા | ૮૦૦ | ૮૭૧ |
| ધાણા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| મગફળી | ૧૨૧૧ | ૧૩૦૧ |
| રાય | ૧૦૭૧ | ૧૦૮૬ |
| મેથી | ૯૩૦ | ૯૩૦ |
| જુવાર | ૪૭૦ | ૪૭૦ |
| મકાઈ | ૩૧૨ | ૩૧૨ |
| એરંડા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| તુવેર | ૧૦૩૧ | ૧૦૩૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમદાવાદથી ઉપડેલી શ્રીનાથ ટ્રાવેલ્સ બસમાંથી ૫૦ કિલો ચાંદી જપ્ત કરતી ઉદયપુર પોલીસ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૯

ઉદયપુર પોલીસે અમદાવાદથી ઉદયપુર સહિત અન્ય જગ્યાઓ પર સપ્લાય થતી ચાંદીની ઈંટો સહિત ચાંદીના દાગીના જપ્ત કર્યા છે. પોલીસે અમદાવાદથી ઉદયપુર આવી રહેલી શ્રીનાથ ટ્રાવેલ્સની બસને અટકાવીને ડ્રાઈવર પાસેથી તેમાં મુકેલાં પાર્સલની જાણકારી મેળવી હતી.

જો કે, ડ્રાઈવર સંતોષકારક જવાબ ન આપી શકતા પોલીસ બસ અને ડ્રાઈવરને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી અને બસમાં રાખેલાં પાર્સલની ગણતરી કરી તો, તેમાં ૧૦૫ પાર્સલ મળી આવ્યા હતા. આ પાર્સલમાં ચાંદીની ઈંટો હતી, જેનું વજન ૫૦ કિલો હતું. આ ઉપરાંત ચાંદીના દાગીના હતા, જેનું વજન ૭૨ કિલો હતું. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. બસમાં અનેક પાર્સલ ભરેલાં છે. જે બાદ પોલીસકર્મીઓને શંકા જતાં બસની કેબિનમાં રાખેલાં પાર્સલને ખોલીને જોયા હતા. તો તેમાં ચાંદીની ઈંટો મળી આવી હતી. જેના પર પોલીસે ડ્રાઈવરની પૂછપરછ કરી તો તે જવાબ આપી શક્યો ન હતો. જે બાદ પોલીસ બસને પોલીસ સ્ટેશન લઈ આવી હતી. પોલીસે જણાવ્યું કે, બસને ગોવર્ધન વિલાસ પોલીસ સ્ટેશન લાવ્યા બાદ ડ્રાઈવરની પૂછપરછ કરવામાં આવી હતી. તેમાં તેણે જણાવ્યું કે, અમદાવાદથી આ પાર્સલ ચઢાવવામાં આવ્યા હતા.



# એમ.એસ. યુનિ.માં વિરોધ પ્રદર્શન કરી રહેલા ૩૧ વિદ્યાર્થીઓ સામે ગુનો

(એ.આર.એલ) વડોદરા,તા.૯

વડોદરામાં હિન્દુ દેવી-દેવતાઓના ચિત્રનો વિવાદ સામે આવ્યો છે. એમએસ યુનિ.માં પ્રદર્શન કરનારા સામે ગુનો નોંધાયો છે. ૩૧ વિદ્યાર્થીઓ સામે ગુનો નોંધાયો છે. પોલીસને લાફા મારનાર બે સામે ફરિયાદ નોધાઈ છે. પોલીસ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. એમએસ.યુનિવર્સિટીની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓએ પરીક્ષાના એન્યુઅલ પેઈન્ટિંગ એક્ઝિબિશનમાં પેપર કટિંગ દ્વારા હિન્દુ દેવી-દેવતાઓના ચિત્રો બનાવવામાં આવતા વિવાદ સર્જાયો હતો. એક વિદ્યાર્થીએ હિન્દુ દેવી-દેવતાઓના પેપર કટિંગમાંથી ચિત્ર બનાવ્યા હતા. જે પેપર કટિંગમાં દુષ્કર્મને લગતા સમાચારો હતા, જેથી હિન્દુ દેવી-દેવતાઓના પેપર કટિંગમાંથી બનાવેલા ચિત્રો દુષ્કર્મના સમાચારોને લઈને વિવાદ થયો છે અને હિન્દુઓની લાગણી દુભાઈ હોવાની વાતને લઈને હોબાળો મચ્યો છે. આ ઉપરાંત મહિલાઓના ન્યૂડ ચિત્રો પણ બનાવ્યા છે, વિવાદ વધતા સમગ્ર આર્ટ એક્ઝિબિશન બંધ કરી દેવાયું છે. ૫ મેના રોજ ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સ ખાતે હંગામો થતાં સયાજીગંજ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી આવ્યો હતો. આ દરમિયાન સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મી ભરતભાઈએ શાંતિ જાળવવા અને ટોળાને વિખેરાઈ જવા સૂચનો આપ્યા હતા.



# સૌરાષ્ટ્ર યુનિ.માં પ્રોફેસરોની ભરતી માટે ફરી ઈન્ટરવ્યુ

(જી.એન.એસ)રાજકોટ,તા.૦૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હંમેશા વિવાદોમાં સંડોવાયેલી રહી છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કરાર આધારિત ૮૮ અધ્યાપકોની ભરતી પ્રક્રિયામાં સિન્ડિકેટ સભ્યોએ જ ભલામણોનો ધોધ વહાવતા માનીતાઓને જ લેવા મુદ્દે વિવાદ થયો હતો આખરે આખી ભરતી પ્રક્રિયા જ રદ કરી દેવામાં આવી હતી. આ ઘટના બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકાર સાથે પરામર્શ કરી સરકારની મંજૂરીથી ફરી કરાર આધારિત ૬૪ પ્રોફેસરોની ભરતી કરવામાં આવશે. તત્કાલીન કુલપતિ નીતિન પેથાણીના સમયમાં ભરતી પ્રક્રિયા રદ થઈ હતી. પરંતુ હવે યુજીસીના નિયમ મુજબ ભરતી પારદર્શકતાથી થશે. એ માટે રાજ્ય સરકારે ફરી ભરતી કરવા માટે મંજૂરી આપી દીધી છે. જેમાં અધ્યાપકોએ ૧૮ મે સુધીમાં અરજી કરવાની રહેશે. હવે થનારી ભરતીમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, અન્ય યુનિવર્સિટીના જે તે વિદ્યાશાખાના ડિન જોડાશે.

# વિકાસની વાતો ફેક!!! કોડીનારના નાનાવડા ગામે પાણી માટે બે કિમી સુધી ભટકતા લોકો

ડોળાસા, તા.૯

કોડીનાર તાલુકાના નાનાવડા ગામે હાલ પાણીની તીવ્ર અછત સર્જાતા લોકોની હાલત કફોડી બની છે. ગામમાં દર વર્ષે ઉનાળામાં પાણીની ભારે તંગી સર્જાય છે. ગામના સરકારી કૂવામાંથી ગામને પાણી આપવામાં આવે છે. પરંતુ ઉનાળામાં આ કૂવામાં પાણી રહેતુ ન હોય ભારે પરેશાની ભોગવવી પડી રહી છે. ત્યારે બીજી તરફ જામવાળા ડેમમાંથી આ ગામને પાણી માટે લાખો રૂપિયા ખર્ચે પાઈપલાઈન નાખવામાં આવી છે. પરંતુ પાણી અઠવાડિયામાં બે વખત અને તે પણ મર્યાદિત સમય માટે આપવામાં આવે છે. નવાઈની વાત તો એ છે કે, નાનાવાડા ગામને એક વર્ષ પહેલાં આદર્શ ગામ જાહેર કરાયું છે. પરંતુ આદર્શ ગામની મૂળ સમસ્યા સામે કોઈનું ધ્યાન ન ગયું?. હાલ ગામલોકોને ખાસ કરીને મહિલાઓને પાણી માટે બે-બે કિમી દૂર જંત્રાખડી ગામે, ખોડીયાર મંદિરે અથવા વાડી વિસ્તારમાં ભટકવું પડી રહ્યું છે. જે હાલ વિકાસની વાતો કરનારા તંત્ર માટે શરમજનક બાબત કહી શકાય. ત્યારે તુરત જામવાળા ડેમનું પાણી દૈનિક અને પુરા દબાણ સાથે આપવા આવે તેવી ગામલોકો સહિત નાનાવડા ગામના સરપંચ રતનબેન રાજાભાઈ સોસાએ માંગ કરી છે.





તસવીર : અનિલ કાનાબાર

# જાફરાબાદના ખલાસીને ઈજા થતા રેસ્ક્યૂ કરાયું

જાફરાબાદ, તા.૯

જાફરાબાદના સતિષ બાબુ બારૈયા નામનો ખલાસી દરિયામાં માછીમારી કરી રહ્યો હતો. ત્યારે અગમ્ય કારણોસર ખલાસીને છાતીમાં ઈજા થતા વાયરલેસ દ્વારા આ ઘટનાની જાણ બોટ માલિકને કરવામાં આવી હતી. બોટ માલિકે આ અંગે ધારાસભ્ય અને કોળી સમાજના આગેવાનને જાણ કરતા ધારાસભ્યએ પીપાવાવ મરીન પીએસઆઈને જાણ કરતા પોલીસે તાત્કાલિક ખલાસીનું રેસ્ક્યૂ કરી મહુવા સારવારમાં ખસેડ્યો હતો.



# વેલણ નજીક દરગાહમાં અસામાજીક તત્વો દ્વારા તોડફોડ

કોડીનાર, તા.૯

કોડીનાર તાલુકાના વેલણ ગામ નજીક પતુર વિસ્તારમાં મનુભાઈ વાઘેલાની વાડીમાં આવેલ અલીશા બાવાની દરગાહમાં હાલ નવા બાંધકામનું કામ ચાલી રહ્યું છે. ત્યારે ગત મોડીરાત્રીના અસામાજીક તત્વો દ્વારા દરગાહના ગુંબજ, મિનારાને નુકસાન કરી તોડફોડ કરી દરગાહની અંદર પ્રવેશી તુરબત ઉપરથી ચાદર ફેંકી દરગાહનું અપમાન કરી મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડી હતી. આ ઘટના અંગે પોલીસ તંત્રને જાણ કરતા બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ગીર સોમનાથના એસપી સહિતના પોલીસ સ્ટાફે ઘટના સ્થળે દોડી જઈ દરગાહ ખાતે બંદોબસ્ત ગોઠવી આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ કૃત્ય કોઈ હિન્દૂ-મુસ્લિમ સમાજનુ નહિં પરંતુ કોઈ અસામાજીક તત્વો દ્વારા પોતાના અંગત સ્વાર્થ માટે કરાયુ હોય બંને સમાજને ભાઈચારો અને કોમી એકતા જાળવી રાખવા અપીલ કરાઈ છે.



# સીમાસી પ્રા.શાળાના શિક્ષકને નિવૃત્તિ વિદાયમાન

ડોળાસા, તા.૯

ડોળાસા નજીકનાં સીમાસી ગામની પ્રાથમિક શાળામાં છેલ્લા ૧૫ વર્ષથી શૈક્ષણિક સેવા બજાવતા ભાણાભાઈ કાનાભાઈ મોરી વય મર્યાદાનાં કારણે નિવૃત્ત થતા સીમાસી પ્રાથમિક શાળા, કેસરિયા પે. સેન્ટર શાળા અને સીમાસી ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં ભાણાભાઈની અવિરત સેવાઓને બિરદાવી શાલ અને સન્માન પત્ર આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ તકે ઉના કેળવણી નિરીક્ષક ભુપતભાઈ મેવાડા, આચાર્ય નાઘેરાંભાઈ, આચાર્ય લલિતભાઈ બાંભણિયા, સરપંચ ઘેલાભાઈ, પંચાયતનાં સદસ્યો, શિક્ષક ભાઈ-બહેનો, સંચાલન સમિતિના સભ્યો સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો અને બાળકોએ ઉપસ્થિત રહી ભાણાભાઈને નિરોગી દીર્ઘાયુની શુભકામના પાઠવી વિદાયમાન આપ્યું હતું.





માતુશ્રી ડી.બી.પટેલ એજયુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ

પ્રતીક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
મહિલા નિવાસી સંકુલ
સંચાલિત

પ્રોવિઝનલ પ્રવેશ ચાલુ છે.

શું આપ આપની દિકરીને ગુણવત્તા યુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?

- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ / રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો- એજયુકેશન માં શિક્ષણ મેળવે છે ?
- સંપૂર્ણ મોબાઈલ ફોન પ્રતિબંધિત કેમ્પસ !
- ટી.વી. ચેનલો. સ્માર્ટ મોબાઇલ ફોન / નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે માનસીક પ્રદુષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજ્યુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજ્યુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉત્તીર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ - ૧, કલાસ -૨ મેળવે તેવુ ઈચ્છો છો ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના Quality Education બદલે આપવામાં આવતું હોય
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય

આનો જવાબ છે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું"
સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ "પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ" - આટકોટ

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ - ૪ થી ૮
માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા-આટકોટ
ધોરણ - ૯ થી ૧૦
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય-આટકોટ
ધો.૧૧ થી ૧૨ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ
સ્કૂલ અને હોસ્ટેલમાં પ્રવેશ વર્ષ : ૨૦૨૨-૨૩માં પ્રવેશ ચાલુ છે.

Mo. +91 96872 03855 Mo. +91 94272 31583
Mo. +91 98258 27280 Mo. +91 75674 57533

તા.ક. : જસદણ તાલુકા લેઉવા પટેલ કર્મચારી મંડળ દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતી સમાજની દિકરીઓ માટે ખાસ સ્કોલર શીપ



સંકુલ સ્કૂલ - કોલેજ કો-એજયુકેશન બિલ્ડીંગ
સેપરેટ કેમ્પસ - બાયપાસ થી એન્ટ્રી એક્ઝીટ

★ ટુંક સમયમાં બાંધકામ શરૂ થશે – સમયાંતરે ICSE - GSEB - CBSE KG થી ધો. ૧૦ કો–એજ્યુકેશન ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ બેસશે.
★ ભવિષ્યમાં ધો. ૧૧–૧૨ સાયંસ ઈંગ્લીશ મિડીયમ & ગુજરાતી મિડીયમ નવી કો–એજ્યુકેશન સ્કૂલ બેસશે.
★ UG - PG કોલેજ નાં ઓછી ગર્લ્સ સંખ્યાનાં કોર્સ બંધ કરવાને બદલે સેપરેટ કેમ્પસ માં કો–એજ્યુકેશન માં ચાલશે.
★ સ્પર્ધાત્મક વાતાવરણ માં ટકી રહેવા – ગર્લ્સ એજ્યુકેશન નાં સ્પોર્ટ માં મહદ અંશે કો–એજ્યુકેશન પણ કાર્યરત રહેશે.

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત–સંચાલિત ★
★ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કુલ & કોલેજ★ સ્થળઃ– શ્રીમતિ એસ. એચ. ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન.:૦૨૭૯૨–૨૩૨૩૨૧ થી ૨૬
- Ad 028



હોસ્ટેલ પ્રવેશ શરૂ
અમરેલી જિલ્લામાં સ્કૂલ સાથે હોસ્ટેલની ઉત્તમ સુવિધા એટલે...
શ્રીજી વિદ્યાર્થી ભુવન
સ્કૂલ પ્રવેશ શરૂ શ્રી સરસ્વતી વિદ્યાલય હોસ્ટેલ પ્રવેશ શરૂ
- ટેક્નોલોજી એઈડ સ્કૂલ - સંપૂર્ણ AC સ્કૂલ
- પોસાય તેવી ફી - કુદરતી વાતાવરણ વચ્ચે વિશાળ કેમ્પસ
- માઇન્ડ પાવર અને સેલ્ફ ડેવલપમેન્ટ માટે મોટીવેશનલ પોગ્રામ
ધોરણ :- ૪ થી ૧૨
હોસ્ટેલની ઉત્તમ સુવિધા
દિપકભાઈ પી. વઘાસિયા સંચાલકશ્રી
વિલાસબેન ડી. વઘાસિયા સંચાલકશ્રી
સંપૂર્ણ કેળવણીનો અહેસાસ
ઘરથી દુર બીજુ એક ઘર એટલે
શ્રીજી વિદ્યાર્થી ભુવન


એસ.ટી.ડીવીઝન પાસે,લાઠી રોડ,અમરેલી. મો. 63519 64273 / 70430 19727 / 94269 76642
shreejividhyarthibhuvan.com | shreejischool1234@gmail.com | ફોન : ૦૨૭૯૨-૨૪૦૦૬૭



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી


# ચારધામ યાત્રા ફરી શરૂ થતા ભક્તોનું ઘોડાપૂર, બમણા ભાડા છતાં રૂમ મળવા મુશ્કેલ બન્યા

(એ.આર.એલ),દહેરાદુન,તા.૯



કોરોનાકાળ સમયમાં સતત બે વર્ષ સુધી બંધ રહેલ ચારધામ યાત્રા ફરી શરૂ થતાં જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યુ છે અને હરિદ્વારથી કેદારનાથ સુધી હોટેલો-ધર્મશાળા ફુલ થઈ જતા અનેક લોકોને ડબલ ભાડા ભરવા છતાં રૂમ મળવો મુશ્કેલ બન્યો છે, જ્યારે હરિદ્વારથી કેદારનાથ જવા વાહન ન મળતાં યાત્રાળુ ફસાયા હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ વસ્તુઓના ભાવ બમણા થઈ ગયા છે પણ ભાવિકો જે વ્યવસ્થા મળે તે રીતે કેદારનાથ પહોંચવા આગળ વધી રહયા છે. કેદારનાથમાં હાલ સરકારી ગાઈડલાઈન મુજબ રોજના ૧૦ હજાર માણસોના દર્શનની કરવાની પરમિશન સામે ૩૦ હજારથી વધુ લોકો દર્શન માટે આવતા ૩ કિમી સુધી લાંબી લાઈનો લાગી છે અને અનેક ભક્તોને બહારથી દર્શન કરી પરત જવાનો વખત આવ્યો છે. દર્શનાર્થીઓના જણાવ્યા મુજબ કેદારનાથમાં ૨ હજાર લોકો માટે રહેવાની જગ્યા સામે મોટી સંખ્યામાં લોકો પહોંચતાં રાત્રી રોકાણની મુશ્કેલી ઉભી થઈ છે.

# કોલસાની ૨૦ જેટલી બંધ ખાણોને ખાનગી કંપનીઓના સહયોગથી ચલાવશે સરકાર

(એ.આર.એલ),ધનબાદ,તા.૯



કોલ ઈન્ડિયા લિમિટેડની ૨૦ બંધ ભૂમિગત ખાણો હવે દેશની મોટી ખાનગી કંપનીઓ ચલાવશે. આ ખાણોને આવકની વહેંચણીના મોડેલ પર ઉત્પાદનમાં લાવવાની રજૂઆત કોલ ઈન્ડિયાએ કરી છે. આ ખાણોમાં લગભગ ૩૮૦ મિલીયન ટન કોલસો છે. ખાણોમાંથી ૩૦-૪૦ મિલીયન ટન કોલસો સરળતાથી કાઢી શકાય તેમ છે. આ ઈન્વેસ્ટર્સ મીટમાં ભેલ, હિન્દાલ્કો, અદાણી, જેએસપીએલ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા કન્સલ્ટીંગ એન્જીનિયર્સ લીમીટેડ, અલ્ટ્રાટ્રેક સિમેન્ટ, વેદાંતા અને અન્ય મુખ્ય કંપનીઓના લોકો હાજર હતા. બીસીસીએલની પાંચ બંધ ખાણો ખાનગી કંપનીને ઓફર કરાઈ છે. તેમાં અમલાબાદ, ખરખરટી, મધુબન, લોયાબાદ વગેરે છે.

કોલસા મંત્રીએ ટવીટ કર્યુ છે કે જે ૨૦ ખાણોને ખાનગી કંપનીઓના સહયોગથી ચલાવવાની તૈયારી છે તેમાં બીસીસીએલ, ડબલ્યુસીએલની પાંચ, ઈસીઈએલની ચાર, સીસીએલની બે તેમજ એસઈસીએલની ચાર ખાણો સામેલ છે.

# દિલ્હીમાં પ્રદૂષણ વધતા સપ્તાહમાં છ દિવસ ઓઝોનનો પારો ઉંચો રહ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

દિલ્હી સહિત ઉત્તર અને મધ્ય ભારતના કેટલાક વિસ્તારોમા આ વખતે ગરમીએ વહેલા દસ્તક આપતા ૧૨૨ વર્ષનો રેકોર્ડ તોડી દીધો છે. જેમા હવામાન વિભાગના અનુમાન અનુસાર આ વખતે ઉત્તર ભારતમાં તાપમાન ૫૦ ડિગ્રીએ પહોંચી શકે છે. આ સિવાય દિલ્હી અને તેની આસપાસના વિસ્તારમાં એક અલગ પ્રકારનું પ્રદૂષણ ઘણુ ઝડપથી વધ્યુ છે. આ પ્રદૂષણ ગ્રાઉન્ડ લેવલ ઓઝોનનુ છે જે લગભગ બે ગણુ થઈ ગયુ છે.

ઓઝોનને ૮ કલાકના હિસાબે માપવામાં આવે છે. આ દરમિયાન આ ૧૦૦ માઈક્રોગ્રામ પ્રતિ ક્યુબિક મીટર થવુ જોઈએ પરંતુ દિલ્હીના જવાહરલાલ નેહરૂ સ્ટેડિયમ, કરણીસિંહ શૂટિંગ રેન્જ, નેહરૂ નગર, મંદિર માર્ગ, આરકેપુરમ અને નરેલામાં એપ્રિલના અંતિમ સપ્તાહના ૭ માંથી ૬ દિવસ દરમ્યાન ઘણુ વધુ નોંધાયુ છે.

# તેલંગાણામાં ટ્રક-ટ્રોલી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ૯ના મોત, ૧૭ ઘવાયા

(એ.આર.એલ),હૈદરાબાદ,તા.૯



તેલંગણાના કામારેડ્ડી જિલ્લાના નિઝામસાગરના હસનપલ્લી ગેટ પર એક ટ્રકને એક ઓટો ટ્રોલી સાથે જોરદાર ટક્કર લાગી ગઈ હતી. તેના કારણે આ દુર્ઘટનામાં ૯ લોકોના મોત થઈ ગયા છે અને અન્ય ૧૭ લોકો ઘાયલ થયા છે. પીએમ મોદીએ આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે મૃતકોના આશ્રિતોને બે-બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

કામારેડ્ડી જિલ્લાના એસપી શ્રીનિવાસ રેડ્ડીએ જણાવ્યું હતું કે, ટ્રકના ડ્રાઈવર વિરુદ્ધ કેસ નોંધી લેવામાં આવ્યો છે. પીએમ મોદીએ શોક સંવેદન પ્રગટ કરતા કહ્યું કે, નવ લોકોના મોતથી વ્યથિત છું. શોક સંતપ્ત પરિવાર પ્રત્યે મારી સંવેદના અને ઘાયલો તાત્કાલિક સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરુ છું. દરેક મૃતકના પરિવારને પ્રધાનમંત્રી રાહત ભંડોળમાંથી બે બે લાખ રૂપિયા આપવામાં આવશે. ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયાની મદદ આપવામાં આવશે.

# અમેરિકા પાકિસ્તાનમાં સૈન્ય મથક ઈચ્છતું હતું : ઈમરાન

(એ.આર.એલ),ઈસ્લામાબાદ,તા.૯

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને કહ્યું કે અમેરિકા દેશમાં સૈન્ય થાણાની માંગ કરી રહ્યું છે, પરંતુ તેઓ તેમની માંગણીઓ સાથે ક્યારેય સંમત થયા નથી. ઈમરાન ખાને ગયા મહિને વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું. ઈમરાને કહ્યું કે અમેરિકા પાકિસ્તાનમાં સૈન્ય મથક ઈચ્છે છે જેથી તે અહીં અફઘાનિસ્તાનના આતંકવાદીઓ સામે જવાબી કાર્યવાહી કરી શકે. પરંતુ તેણે તેનો ઈનકાર કર્યો હતો. ઈમરાન ખાને વધુમાં કહ્યું હતું કે અમેરિકાની આગેવાની હેઠળના 'આતંક સામેના યુદ્ધ'માં પાકિસ્તાન પહેલાથી જ ૮૦,૦૦૦ જીવ ગુમાવી ચૂક્યું છે. આ હોવા છતાં, તેમના બલિદાનની કદી કદર કરવામાં આવી ન હતી, તેના બદલે અમેરિકન રાજકારણીઓ અમને જવાબદાર ઠેરવવા લાગ્યા હતા.

# બળતણની વધતી જતી કિંમતોને લઇ મમતાના મોદી પર આકરા પ્રહાર

(એ.આર.એલ),કોલકતા,તા.૯



બળતણની કિંમતો વધવા પર મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો છે કે ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર બળતણની કિંમતોમાં નિયમિત રીતે વધારો કરી દેશની જનતાનું ઉત્પીડન કરી રહી છે.

ઘરેલુ રસોઇ ગેસ સિલિંડરના ભાવમાં ૫૦ રૂપિયાના વધારાને લઇ મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર પેટ્રોલ, ડીઝલ, રસોઇ ગેસ અને અન્ય જરૂરી વસ્તુઓના ભાવ વધારી મહા લૂંટ કરી રહી છે. મમતા બેનર્જીએ ટ્વીટ કર્યું કે કેન્દ્ર સરકારે ભારતના લોકોનું ઉત્પીડન તાકિદે બંધ કરવું જોઇએ. બળતણ રસોઇ ગેસ અને આવશ્યક વસ્તુઓની કિંમતોમાં વારંવાર વધારો કરી ભાજપ વાસ્તવમાં એક મહાન ભારતીય લૂંટ (ગ્રેટ ઇંડિયન લૂંટ) કરી રહી છે દેશના લોકોને બેવકૂફ બનાવી રહી છે. આ રીતે પેટ્રોલ ડીઝલની કિંમતોમાં જયારે સતત વધારો થઇ રહ્યો છે ત્યારે મમતા બેનર્જીએ મોદી સરકારની ટીકા કરી છે.

# રાજદ્રોહના કાયદા પર પુનઃ વિચાર કરવા કેન્દ્રની સુપ્રીમ કોર્ટને અપીલ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

સુપ્રીમ કોર્ટમાં સોમવારે કેન્દ્ર સરકારે મોટી વાત કહી છે. કેન્દ્ર સરકારે સર્વોચ્ચ કોર્ટમાં કહ્યું કે દેશદ્રોહના કાયદાની જોગવાઈઓ પર પુનઃવિચારણા કરવા અને તપાસનો નિર્ણય કર્યો છે. સરકારે સુપ્રીમ કોર્ટને અપીલ કરી છે કે આ મામલા પર સુનાવણી ત્યાં સુધી ન કરવામાં આવે જ્યાં સુધી સરકાર તપાસ ન કરાવી લે. સુપ્રીમમાં દાખલ કરેલ એફિડેવિટમાં સરકારે કહ્યું કે દેશદ્રોહ પર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૪એની કાયદેસરતાની તપાસ અને પુનઃવિચારણા કરવામાં આવશે. સર્વોચ્ચ કોર્ટમાં દાખલ એફિડેવિટમાં સરકારે કહ્યું કે પીએમ મોદીના દ્રષ્ટિકોણમાં જ્યારે દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યાં છે, ગુલામીના સમયમાં બનેલા દેશદ્રોહના કાયદા પર પુનઃવિચારણા કરવાની જરૂર છે. તેમાં કહેવામાં આવ્યું કે- દેશદ્રોહના કાયદાને લઈને વ્યક્ત કરવામાં આવેલા વિરોધની ભારત સરકારને જાણ છે.

# ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ પારડીવાલાએ સુપ્રીમ કોર્ટના જજ તરીકે શપથ લીધા


(એ.,આર.એલ),નવીદિલ્હી,તા.૯



સુપ્રીમના ચીફ જસ્ટિસ એનવી રમનાની આગેવાનીવાળી સુપ્રીમ કોર્ટની કોલેજિયમની ભલામણ બાદ ગુવહાટી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ જમશેદ બી પારડીવાલાની સુપ્રીમના જજ તરીકે નિયુક્તિ કરાઈ હતી. ત્યારે બન્ને જસ્ટિસે આજે સુપ્રીમ કોર્ટના જસ્ટિસના શપથ લીધા હતા. તેની સાથે જ ૩૦ મહિના બાદ સુપ્રીમ કોર્ટમાં કુલ જજોની સંખ્યા ૩૪ થઈ ગઈ છે. કેન્દ્રીય કાયદા મંત્રાલયે અલગ અલગ નોટિફિકેશન બહાર પાડીને બન્ને જજની નિયુક્તિના સમાચાર આપ્યા હતા. ગુવાહાટી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુધાંશુ ધૂલિયા અને ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ જમશેદ બી પારડીવાલાએ સોમવારે અહીં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે શપથ લઈ લીધા છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ એન.વી.રમનાએ વડી અદાલતના અધિક ભવન પરિસરમાં નવનિર્મિત સભાગારમાં એક સમારંભ દરમિયાન ન્યાયમૂર્તિ ધૂલિયા અને ન્યાયમૂર્તિ પારડીવાલાને પદના શપથ લેવડાવ્યા હતા.

# કર્ણાટકમાં પણ લાઉડસ્પીકર વિરૂધ્ધ અભિયાન, મંદિરોમાં હનુમાન ચાલીસાનું પઠન કરાયું

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૯



મહારાષ્ટ્રની તર્જ પર કર્ણાટકમાં પણ લાઉડસ્પીકરને લઈને અભિયાન શરૂ થઈ ગયું છે. શ્રી રામ સેનાના પ્રમુખ પ્રમોદ મુથાલિકે ૧૫ દિવસ પહેલા ચેતવણી આપી હતી કે જો લાઉડસ્પીકર અંગે કોર્ટના આદેશનું પાલન નહીં કરવામાં આવે તો ૯ મેથી કર્ણાટકના મંદિરોમાં લાઉડસ્પીકરથી ભજન કીર્તન અને હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવશે. હિન્દુ નેતાના આ અભિયાન હેઠળ કર્ણાટકના જુદા જુદા ભાગોમાંથી લાઉડસ્પીકરના વિરોધમાં ભજન કીર્તનની તસવીરો આવવા લાગી છે. શ્રી રામ સેનાના વડા પ્રમોદ મુથાલિકે પોતે મૈસુરમાં આ અભિયાનની શરૂઆત કરી હતી. તેમણે મૈસૂર જિલ્લાના એક મંદિરમાં સવારે ૫ વાગ્યે કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું. તેમણે દાવો કર્યો હતો કે મસ્જિદોમાં અઝાન સામે ૧,૦૦૦થી વધુ મંદિરોમાં હનુમાન ચાલીસાનું પઠન કરવામાં આવ્યું હતું. કર્ણાટક પોલીસ હાઈ એલર્ટ પર છે જ્યારે હિન્દુ કાર્યકર્તાઓએ સોમવારે શ્રી રામ સેનાના વડાના અભિયાનને પગલે રાજ્યભરમાં અઝાન વિરુદ્ધ હનુમાન ચાલીસાના પાઠ કરવાની ઝુંબેશ શરૂ કરી હતી.

# રશિયાના યુક્રેન પર વધતા આક્રમણ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિના પત્ની યુક્રેન પહોંચ્યા

(એ.આર.એલ),કીવ,તા.૯



યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ વધુ વકરી રહ્યું છે. રશિયાએ ૯ મેના રોજ વિજય દિવસ પહેલા યુક્રેન પર હુમલાઓ તીવ્ર કર્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેનની પત્ની જીલ બિડેન અને કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો રશિયાના વધતા હુમલા વચ્ચે રવિવારે અચાનક યુક્રેન પહોંચ્યા હતા. યુએસ ફર્સ્ટ લેડી જિલ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીની પત્ની ઓલેના ઝેલેન્સકીને મળી હતી. વ્હાઈટ હાઉસે જીલ બિડેનની આ મુલાકાતને અચાનક મુલાકાત ગણાવી છે. વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, જીલ બિડેનની યુક્રેનની મુલાકાતનો સમય પૂર્વનિર્ધારિત ન હતો. જીલ બિડેન પશ્ચિમ યુક્રેનમાં સ્લોવેકિયન સરહદ નજીક આવેલા ગામ ઉઝોરોડ પહોંચી અને ત્યાંની શાળામાં ઓલેના ઝેલેન્સકી સાથે વાત કરી હતી.




**-//સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ગોંડલની કોર્ટ સમક્ષ-ગોંડલ//-**

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.૩૨/૨૨-૨૩ તા. ૦૫/૦૫/૨૦૨૨

**-::જાહેર નોટીસ::-**

(૧) નિરંજનભાઈ કનુભાઈ ઉર્ફે કનૈયાલાલ નીમાવત
રહે. મુ.મોટા દડવા, તા. ગોંડલ .......અરજદાર

**-//વિરૂધ્ધ//-**

(૨) રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ મંત્રીશ્રી, મોટા દડવા ગ્રામ પંચાયત, તા.ગોંડલ ......સામાવાળા

**વિષય: જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૮ હેઠળની નોટીસ**

આ જાહેર નોટિસથી લાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી કનૈયાલાલ આત્મારામ નિમાવતનું અવસાન તા.૦૭/૧૦/૧૯૯૨ ના રોજ મોટા દડવા મુકામે થતા, તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના અવસાન રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૬/૦૫/૨૦૨૨ ના રોજ ૦૩:૦૦ કલાકે પ્રાંત કચેરી, તાલુકા સેવા સદન,૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર/તમો સામાવાળા જે કોઈ આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનુ નથી તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે જાણશો.

આજ તા.૦૫/૦૫/૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
ગોંડલ



# ઉજ્જૈનથી પરત ફરી રહેલા યુવાનોની કારનો ગોધરા પાસે ગમખ્વાર અકસ્માત: ૩ના મોત

ગોધારા, તા.૯

ખંભાતના ઉંદેલ ગામના પાંચ યુવાનો કાર લઈને ઉજ્જૈન ભગવાન મહાકાલના દર્શન કરવા ગયા હતા. ઉજ્જૈન મંદિરે દર્શન કરીને યુવાનો કાર લઈને ખંભાતના ઉંદેલ ગામે જવા નીકળ્યા હતા. ત્યારે ગોધરાના ઓરવાડા પાસેના હાઈવે પર પૂરઝડપે જતી કારનો કાબૂ ગુમાવતાં કાર ડિવાઈડર તોડીને



સામેથી આવતા ટ્રેલર સાથે અથડાતા કારના કુરચેકુરચા થઈ ગયા હતા. અકસ્માત થતાં કારમાં બેસેલા કિશનભાઈ પટેલ, કૃષીલભાઈ પટેલ, શશાંકભાઈ પટેલનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું. જ્યારે હર્ષિત પટેલ, ભરતભાઈ પટેલને ગંભીર ઈજા પહોંચતા ઈજાગ્રસ્તોને સ્થાનિક અને પોલીસની મદદથી બહાર કાઢીને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. બે ઈજાગ્રસ્ત હર્ષિદભાઈ ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભરતભાઈ પટેલને ગંભીર ઈજા થતાં તેઓને વડોદરા ખાતે ખસેડાયા હતા.અકસ્માતને લઈને પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# જૂની પેન્શન યોજનાને લઈ ગાંધીનગર ખાતે રાજ્યનાં કર્મીઓનું શક્તિ પ્રદર્શન

ગાંધીનગર, તા.૯

સરકાર દ્વારા નવી પેન્શન યોજના લાવવામાં આવતાં રાજ્યના સરકારી કર્મચારીઓ જૂની પેન્શન યોજના મુજબ જ લાભો આપવાની માંગ કરી રહ્યા છે. ત્યારે આજે સોમવારે વિવિધ સંગઠનના કર્મચારીઓ સહિત શિક્ષકો દ્વારા હજારોની સંખ્યામાં સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ગત



તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૫ પછી ભરતી થયેલા કર્મચારીઓની જૂની પેન્શન યોજના રદ કરી દેવામાં આવી છે. એને બદલે નવી પેન્શન યોજના લાગુ કરવામાં આવી છે. ઉપરાંત કરાર આધારિત, ફિક્સ પગારથી કર્મચારીઓની ભરતી કરવામાં આવી રહી છે. નવી પેન્શન યોજનાથી નિવૃત્ત થયેલા કર્મચારીઓએ જીવનનિર્વાહ ચલાવવો આર્થિક રીતે કપરો બની રહેતો હોવાની ફરિયાદ કરી છે. ત્યારે નવી પેન્શન યોજના રદ કરીને જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ કર્મચારીઓમાં ઊઠી છે. સોમવારે સંયુક્ત મોરચાની આગેવાનીમાં હજારોની સંખ્યામાં શિક્ષકો સહિત વિવિધ કર્મચારીઓ ગાંધીનગર એકઠા થવા લાગ્યા છે, જેમાં કેટલાક ઉચ્ચ નિવૃત્ત અધિકારીઓ પણ સત્યાગ્રહ છાવણી ખાતે આવી પહોંચ્યા છે.

# રહસ્ય: રાજકોટમાં ૧૦ વર્ષની બાળકીએ દુપટ્ટો બાંધી આત્મહત્યા કરતા ખળભળાટ

(એ.આર.એલ)રાજકોટ,તા.૯

રાજકોટથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રાજકોટમાં ૧૦ વર્ષની બાળકીના આપઘાતથી ચકચાર મચી ગઈ છે. કોઈ વિચારી પણ ન શકે કે, ૧૦ વર્ષની બાળકી પણ આત્મહત્યા કરી શકે. ત્યારે આ ઘટનાએ વાલીઓને ચિંતામાં મૂક્યા છે. રાજકોટના યાજ્ઞિક રોડ પર આવેલ ન્યુ જાગનાથ પ્લોટમાં રહેતા કરણભાઈ સોનીની ૧૦ વર્ષની દીકરી કરિશ્માએ આપઘાત કર્યો છે. તેણે ગત રોજ બપોરના સમયે બાથરૂમમાં જઈને એન્ગલ સાથે દુપટ્ટો બાંધી આપઘાત કર્યો હતો. માતાપિતાએ તેને જોતા તે બાથરૂમમાં લટકતી હાલતમાં મળી આવી હતી. જેના બાદ તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. જ્યાં ફરજ પર હાજર તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. આપઘાત અંગેનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે. પરપ્રાંતિય પરિવારની ૧૦ વર્ષની બાળકીએ આપઘાત કરી લેતા પરિવાર શોકમાં ગરકાવ થયો છે. પરંતુ સવાલ એ થાય આટલી નાની ઉંમરમાં બાળકોને કેમ આપઘાત કરવાનો વિચાર આવે છે. એવું તો શું બદલાઈ રહ્યું છે હવે બાળકોમાં આપઘાતનું પ્રમાણ ધીરે ધીરે વધી રહ્યું છે. શા માટે માસૂમ બાળકો મરવા માટે મજબૂર બને છે.

# ગંભીર બેદરકારી: અમદાવાદમાં બાળકને કોવિશિલ્ડ અપાતા બેભાન

અમદાવાદ, તા. ૯

અમદાવાદમાં ૧૫ વર્ષના બાળકને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અર્બન હેલ્થ સેન્ટરમાં કોરોના વેક્સિન આપવામાં ગંભીર બેદરકારી સામે આવી છે. કોરોના વેક્સિનનો બીજો ડોઝ લેવા આવેલા બાળકને વાસણા વિસ્તારમાં આવેલા ન્યુ આંબાવાડી અર્બન હેલ્થ સેન્ટરમાં વેક્સિન આપનાર કર્મચારીએ કોવેક્સિનની જગ્યાએ ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના લોકોને આપવામાં આવતી કોવિશિલ્ડ વેક્સિન આપી દીધી હતી. વેક્સિન લેતાની સાથે જ બાળકને ચક્કર આવી ગયા હતા અને નીચે પડી ગયો હતો. બાળકના પિતાએ વેક્સિન આપનાર કર્મચારીને જણાવ્યું પણ હતું કે, આ કોવેક્સિન આપવાની હોય છે તો તમે કેમ કોવિશિલ્ડ વેક્સિન આપી? આ મામલે બાળકના પિતાએ વાસણા પોલીસ સ્ટેશનમાં અર્બન હેલ્થ સેન્ટરના કર્મચારી સામે પોલીસ ફરિયાદ પણ કરી છે.

# સુરતની તાપી નદીમાંથી માતા-પુત્રીની દુપટ્ટા સાથે બાંધેલી હાલતમાં લાશ મળતા ચકચાર

સુરત, તા.૯

સુરતના ડિંડોલી વિસ્તારમાં આવેલા કરાડ રોડ પ્રયોશા પાર્ક ખાતે રહેતા સાગર બદ્રીનાથ દૈવેએ ગત તા.૭ના રોજ ૨૬ વર્ષીય દિપાલી સાગર દૈવે અને ૨ વર્ષની બાળકી ક્રિશા સાથે અગમ્ય કારણોસર ઘરેથી નીકળી ગયાં હોવાની અરજી ડિંડોલી પોલીસ મથકે નોંધાવી હતી. પોલીસે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. ગત રોજ રાંદેર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા રિવર



વ્યૂ હાઈટ્સ પાસે તાપી નદીમાંથી દુપટ્ટા સાથે બાંધેલી માતા અને પુત્રીની કોહવાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. ઘટનાની જાણ ફાયર વિભાગને થતાં તાત્કાલિક ઘટનાસ્થળે દોડી નદીમાંથી બંનેની લાશ કાઢી રાંદેર પોલીસે કબજે કરી હતી. સાગર દૈવે અને દિપાલીના લગ્ન ત્રણ વર્ષ અગાઉ થયા હતા. દાંપત્ય જીવનમાં પણ સતત કંકાસ થતો રહેતો હોવાની ચર્ચા ચાલી રહી છે. પોસ્ટમોર્ટમમાં જાણવા મળ્યું છે કે, બન્નેનાં શરીર પર કોઈ ઈજાનાં નિશાન મળ્યાં નહોતાં તેમજ બન્નેનાં મોત ડૂબી જવાને કારણે થયા હોવાની પ્રાથમિક શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# ભરૂચમાં લૂંટારૂઓએ પેટ્રોલ પંપના કર્મીને બંદૂક બતાવી રૂ. ૩૦ હજારની લૂંટ ચલાવી

ભરૂચ,તા.૯

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકા સ્થિત અંતરિયાળ ચાંચવેલ ગામના પેટ્રોલ પંપ ઉપર રાતના સુમારે એકાદ બે કર્મચારીઓ જ રહેતા હોવાની રેકી કરી મોડી રાતે બે મોટરસાઈકલ સવાર બુકાની બાંધી પેટ્રોલ પમ્પ ઉપર પહોંચ્યા હતા. પમ્પ ઉપર એક જ કર્મચારી હોવાનું કન્ફર્મ થતા મોટર સાઈકલ સવાર બંને શખ્સોએ કર્મચારી ઉપર ધાવો બોલાવી દીધો હતો. મારામારી કરી પંપના કર્મચારીના લમણે બંદૂક મૂકી લૂંટારુઓ તેને પમ્પની ઓફિસમાં લઈ ગયા હતા. લૂંટારુઓએ તેને માર મારી હિન્દી ભાષામાં ઓફિસમાં જેટલા પણ પૈસા હોય તે આપી દેવા જણાવ્યું હતું. ધ્રુજતા હાથે કર્મચારીએ ઓફિસના ટેબલનું ખાનું ખોલી અંદાજિત રૂપિયા ૩૦ હજાર જેટલી રકમ લૂંટારૂઓને સોંપી દીધી હતી. બંને લૂંટારુઓ પમ્પના કર્મચારીને ઓફિસમા જ બેસી રહેવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

# સુરેન્દ્રનગરના રાજપર ગામે બે જૂથ વચ્ચે અથડામણ: ૧૫ને ગંભીર ઈજા

સુરેન્દ્રનગર, તા.૯

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ભડેણા રાજપર ગામમાં એક જ જ્ઞાતિના બે જૂથો વચ્ચે હિંસક જૂથ અથડામણ થઈ હતી. જેમાં સામસામે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેમાં અંદાજિત ૧૫ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉના ઝગડાનું મનદુઃખ રાખી અને સામાન્ય બાબતે બોલાચાલી



બાદ સામસામે બે જૂથો વચ્ચે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. અને તે પથ્થરમારાના કારણે માથાના ભાગે, પગમાં તથા હાથના ભાગે ૧૫ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા વિરમગામ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. રાજપર ગામમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના રાજપર ગામે જૂથ અથડામણનો બનાવ સામે આવ્યો છે. જેને લઈને પોલીસ સતર્ક બની છે. તેમજ કોઈપણ પ્રકારની મોટી જાનહાનિ અથવા ઝઘડો ન થાય તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો છે. પીએસઆઈ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો છે. ધાર્મિક કાર્યક્રમમાં ઝઘડાનું મનદુઃખ રાખી સામસામે પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

# મોરબીમાં માતાના પ્રેમી અને તેના દીકરાએ માનસિક અસ્થિર સગીરા પર દુષ્કર્મ આચર્યુ

મોરબી, તા.૯

મોરબીમાં છેલ્લા બે મહિનાથી મહિલા સાથે રહેતા નરાધમ શખ્સે અને તેના દીકરાએ મહિલાની સગીર માનસિક અસ્વસ્થ દીકરીને હવસનો શિકાર બનાવી દુષ્કર્મ ગુજારતા આ મામલે મહિલાએ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. મોરબી તાલુકામાં આવેલી સીરામીક ફેક્ટરીના લેબર ક્વાટર્સમાં રહેતી એક પુત્રીની માતા એવી મહિલાની બે મહિના પહેલા પોતાની સાથે જ કામ કરતા સુરેન્દ્રનગર જિલ્લાના રહેવાસી કમલેશ કરશન વાઘેલા સાથે આંખો મળી જતા બંને પતિ-પત્નીની જેમ રહેતા હતા. સાથે કમલેશનો પુત્ર સુનિલ પણ પરિવારની જેમ રહેતો હતો. દરમિયાન સાવકા બાપ એવા કમલેશ કરશન વાઘેલા અને તેના પુત્ર સુનિલ કમલેશ વાઘેલાએ મહિલાની સગીર વયની પુત્રી ઉપર નજર બગાડી વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું.

# કેશોદ ખાતે યોજાયેલ ડાયરામાં એક કરોડથી વધુ રૂપિયાનો થયો વરસાદ

કેશોદ, તા.૯

કેશોદ ખાતે આહીર યુવા મંચ દ્વારા સમાજની વાડી બનાવવા માટે ગઈકાલે ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં રાત્રે માયાભાઈ આહીર, બિરજુ બારોટ તેમજ ઉર્વશી રાદડિયાનો લોકડાયરો યોજાયો હતો. આ ડાયરમાં લોકોએ મન મૂકીને રૂપિયા ઉડાડ્યા હતા. આ દરમિયાન ડાયરામાં ૫૦૦ અને ૨ હજારની ગુલાબી ચલણી નોટોનો વરસાદ



થયો હતો. જેને પગલે ડાયરાનું સ્ટેજ અને આગળનું પટાંગણ સંપૂર્ણ ચલણી નોટો નીચે ઢંકાઈ ગયું હતું. અંદાજ મુજબ ડાયરામાં એક કરોડથી વધુની રકમનો ઘોળ થયો હોવાનું અનુમાન વ્યક્ત થઈ રહ્યું છે.

# રાજકોટમાં કારખાનામાંથી ૨૨ કિલો ચાંદીની ચોરી



(જી.એન.એસ)રાજકોટ,તા.૦૯

રાજકોટ મયુરનગર મેઈન રોડ પર ક્રિષ્ના સિલ્વર નામના બંધ પડેલા કારખાનામાં તસ્કરો રૂ. ૪.૫૫ લાખની કિંમતનો ચાંદીનો મુદ્દામાલ ચોરી ગયાની ઘટના સામે આવી છે. વકીલાતનો વ્યવસાય કરતા કેયુરભાઈ કેરાળિયાએ થોરાળા પોલીસ સ્ટેશનમાં પોતાના મયુરનગર મેઈન રોડ પર આવેલા ક્રિષ્ના સિલ્વર નામના કારખાનામાં ચોરી થયા અંગે ફરિયાદ નોંધાવી છે. મંદીના કારણે છેલ્લા દોઢેક મહિનાથી તેનું કારખાનું બંધ હાલતમાં હતું. અહીં પહોંચતા તેમને ખ્યાલ આવ્યો હતો કે, કારખાનામાં ચોરી થઈ છે. કારખાનાની બાજુમાં બિલ્ડિંગનું બાંધકામ ચાલતું હોય તે તરફની દીવાલમાં બાકોરું પાડી તસ્કરો કારખાનામાં ઘૂસ્યા હતા અને કારખાનાના ડેલાનું તાળુ તોડ્યું હતું.

# ગુજરાત સરકારની સાગરમાલા પ્રોગ્રામ હેઠળ ૩૨૦૦ કરોડના નવા પ્રોજેક્ટની દરખાસ્ત

(જી.એન.એસ)વલસાડ,તા.૦૯

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ નવી દિલ્હી ખાતે નેશનલ સાગરમાલા એપેક્સ કમિટીની ત્રીજી બેઠકમાં સંબોધન કરતા વધુમાં જણાવ્યું કે, ગુજરાત કાર્ગો હેન્ડલિંગની બાબતે દેશભરમાં પ્રથમ છે. ગુજરાતના મત્સ્યોદ્યોગને વિકસિત કરવા રાજ્ય સરકારે મોટા ફિશ લેન્ડિંગ સેન્ટર, ફિશ પ્રોસેસિંગ સેન્ટર




જેવી વિવિધ પહેલ પણ કરી છે. સાગરમાલા પ્રોગ્રામ હેઠળ નવી પહેલો અને ખાસ કરીને દરિયાકાંઠે વસતા સમુદાયોના સર્વગ્રાહી વિકાસની સમીક્ષા કરવા માટે સાગરમાલા એપેક્સ કમિટીની આ ત્રીજી બેઠક યોજાઈ હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે સાગરમાલા પ્રોગ્રામ હેઠળ ૩,૨૦૦ કરોડના ૪૭ નવા પ્રોજેક્ટની દરખાસ્ત કરી છે, જેમાં રેલ-રોડ કનેક્ટિવિટી, ફિશ પ્રોસેસિંગ સેન્ટર, ફિશ લેન્ડિંગ સેન્ટર, પ્રવાસન અને સી-પ્લેન પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.





